**Excellence Through Science Education Since 1970**

LOGO

ACADEMIC YEAR- 2010-2011

# A JOURNEY OF MVM FROM BEING TO BECOMING

**Shri Jalaram Uchcha Kelavani Mandal Sanchalit**

***Matushri Virbaima Mahila Science & Home science College***

***Rajkot***

**Accredited at A Level by NAAC**

જેમ પૂર્ણપણે ખીલવું એ ફુલનો સ્વભાવ છે, તેમ કોઇ પણ વ્યકિત માટે સતત ખીલતા કે વિકસતા રહેવું એ તેની પ્રકૃતિ છે. વ્યકિત ખીલતી–વિકસતી રહે તો તે સુખી, નહીંતર મુરઝાયેલા ફુલની માફક દુઃખી !

**'સુખની શોધ'** નામની તેમની પુસ્તિકામાં **ડો.કે.કે.ખખ્ખરે** આગળ કહયુ છે કે, સતત વિકાસ પામતી વ્યકિતના જીવનને એરિસ્ટોટલે **' સારૂ જીવન' (Good Life)** કહયુ છે. આમ, સારૂ જીવન એટલે વિકસતુ જીવન અને વિકસતુ જીવન એટલે સુખી જીવન. ટૂંકમાં તેને મનુષ્યના **'હોવા' (being)** માંથી **'થવા' (becoming )** ની પ્રક્રિયા પણ કહી શકાય.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ ની શરૂઆત આવી 'હોવા' (being) માંથી 'થવા' (becoming ) ની પ્રક્રિયાને આગળ વધારતા માતુશ્રી વીરબાઇમા મહિલા સાયન્સ તથા હોમ સાયન્સ કોલેજની વિદ્યાર્થિનીઓએ પોતાના થનગનાટ, ઉત્સાહ, ઉમંગ, જોમ અને શકિતની સાથે અનેક પ્રવૃતિઓ, કાર્યક્રમો, મુલાકાતો દ્વારા પોતાના જીવનને ધબકતુ, વિકસતુ રાખ્યુ અને એરિસ્ટોટલના મત અનુસાર સતત નવુ શીખતા રહી, નવુ પામતા રહી અને વિકસતા રહી,સારૂ જીવન જીવવા માટે એક ડગલુ આગળ વધ્યા.

# Value Education

સંસ્થાની પરંપરા મુજબ પ્રતિ વર્ષની જેમ **શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ ના સત્રારંભે તા.૧૫/૦૭/૨૦૧૦ના રોજ સવારે ૧૦.૩૦ કલાકે આર્ષ વિદ્યા મંદિર, મુંજકાના અધ્યક્ષ સ્વામીશ્રી પરમાત્માનંદજીની પાવન નિશ્રામાં કોલેજની વિદ્યાર્થિનીઓ માટે આર્શીવાદ સમારોહનું આયોજન કોલેજના ઓડીટોરીયમમાં કરવામાં આવ્યુ** હતુ. સ્વામીજીએ **'૨૧ મી સદીમાં સ્ત્રીઓનું સ્થાન' વિષય પર પોતાના જ્ઞાનસભર અને પથદર્શક પ્રવચન**માં જણાવ્યુ કે **શિક્ષણએ મનુષ્યની જીવનયાત્રાનું સૌથી મહત્વનું ભાથુ છે. આજના સમયમાં બહેનો પણ ઉચ્ચ શિક્ષણના ક્ષેત્રમાં પ્રવેશીને પોતાનું સ્થાન પ્રસ્થાપિત કરી રહી છે ત્યારે,એકવીસમી સદીમાં તેઓની જવાબદારી વધી જાય છે.**

## કોલેજના વિવિધ ડીપાર્ટમેન્ટસ દ્વારા થયેલી પ્રવૃતિઓ

કોલેજના બધા ડીપાર્ટમેન્ટસ વિદ્યાર્થિનીઓના સર્વાગી વિકાસ માટે સતત કંઇ ને કંઇ પ્રવૃતિ કરતા રહેતા હોય છે. ખાસ કરીને વાત જયારે શૈક્ષણિક પ્રવૃતિની હોય ત્યારે કલાસરૂમ ટીચીંગ ઉપરાંત સમાજના પ્રત્યક્ષ સંપર્ક દ્વારા તેમને અપાતા વાસ્તવિક શિક્ષણ પર પણ પૂરતુ ધ્યાન અપાય તેની કાળજી દરેક અધ્યાપક સતત રાખતા હોય છે. પરિણામે આખું વર્ષ વિદ્યાર્થિનીઓ અલગ અલગ શૈક્ષણિક પધ્ધતિથી જ્ઞાન પ્રાપ્ત કરતી રહે છે.

- **તા.૨૫/૦૮/૨૦૧૦ થી તા.૨૭/૦૮/૨૦૧૦ NIFD ના ફેકલ્ટી તથા AVPT ના વિઝીટીંગ લેકચરર રિધ્ધિબેન કાગસીયા** દ્વારા T.Y.G.H.Sc. ની **૨૫** વિદ્યાર્થિનીઓ માટે ત્રણ દિવસના **Fashion Designing** ના **વર્કશોપ**નું આયોજન કરવામાં આવેલુ હતુ. જેમાં તેઓ દ્વારા **ટેકસટાઇલ ડીઝાઇન** વિષે માહિતી આપવામાં આવી હતી.

---

- **તા.૨૭/૦૮/૨૦૧૦ થી તા.૩૦/૦૮/૨૦૧૦** દરમ્યાન **NIFD યાજ્ઞિક રોડ** ખાતે **ત્રિદિવસીય સેમીનાર**નું આયોજન કરેલ હતુ. જેમાં S.Y.B.Sc.(H.Sc.) ની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **પીડીલાઇટ કંપનીના નિષ્ણાંત નિમિષાબેન** તથા **NIFD ના ફેકલ્ટી મોનાબેન પારેખે** વિદ્યાર્થિનીઓને **તનછોઇ,બાટીક,બ્રશ તથા સ્ટેન્સીલ પ્રિન્ટીંગ** વિશે પોતાનું માર્ગદર્શન આપ્યુ હતુ. સેમીનારના અંતે પીડીલાઇટ કંપની તરફથી વિદ્યાર્થિનીઓને સર્ટીફીકેટ એનાયત કરાયા હતા.
- **તા.૦૯/૦૯/૨૦૧૦** ના રોજ **ઇન્કમ જનરેટીંગ પ્રોગ્રામ** અંતર્ગત F.YB.Sc.(H.Sc.) ની વિદ્યાર્થિનીઓ દ્વારા એક **ઇકો ફ્રેન્ડલી ચીજવસ્તુઓનું નિદર્શન,પ્રદર્શન તથા વેચાણ** કરવામાં આવેલુ.
- **તા.૨૧/૦૯/૨૦૧૦** ના રોજ T.Y.G.H.Sc. ની **૨૫** વિદ્યાર્થિનીઓ માટે **એઇડઝ અવેરનેશ** અંગે એક **વ્યાખ્યાન**નું આયોજન કરવામાં આવેલુ. જેમાં **એઇડઝ પ્રીવેન્શન કલબના ચેરમેન શ્રી. અરૂણભાઇ દવે**એ વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યુ હતુ.
- **તા.૨૨/૦૯/૨૦૧૦** ના રોજ T.Y.H.M. ની **૦૬** વિદ્યાર્થિનીઓ રાજકોટની ખ્યાતનામ **ઇમ્પીરીયલ હોટલની શૈક્ષણિક મુલાકાતે** ગઇ હતી.
- **તા.૩૦/૦૯/૨૦૧૦** ના રોજ T.Y.G.H.Sc.ની **૨૫** વિદ્યાર્થિનીઓએ **NGO ની મુલાકાત** અંતર્ગત **Life બિલ્ડીંગ**ની મુલાકાત લીધી હતી. ત્યાંના **શ્રી. અમીતભાઇ સોલંકી**એ વિદ્યાર્થિનીઓને સમાજોપયોગી કાર્ય અંગે ફિલ્મ બતાવી અને થેલેસેમીયામાં રકતદાનનું મહત્વ સમજાવ્યુ હતુ.
- **તા.૧૮/૦૯/૨૦૧૦** ના રોજ T.Y.G.H.Sc. ની **૨૫** વિદ્યાર્થિનીઓએ **શૈક્ષણિક કાર્યક્રમ**ના અંતર્ગત **શ્રી. તક્ષભાઇ મિશ્રાના** સહયોગથી **ભકિતનગર સ્ટેશનની આજુબાજુના સ્લમ વિસ્તારની મુલાકાત** લઇ, ત્યાંના બાળકોને પોસ્ટર્સ અને ચાર્ટ દ્વારા શિક્ષણ આપી, માહિતગાર કર્યા હતા.
- **તા.૦૧/૧૦/૨૦૧૦** ના રોજ T.Y.G.H.Sc.ની **૧૭** વિદ્યાર્થિનીઓએ **રતનપર** ખાતે **શ્રી.માતૃછાયા ચેરીટેબલ ટ્રસ્ટ સંચાલિત વૃધ્ધાશ્રમની શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. સમાજના તરછોડાયેલ સમૂહના વાસ્તવિક જીવન, સમસ્યા, પીડા ને વિદ્યાર્થિનીઓ સમજે અને પોતાની ભવિષ્યની ભુમિકા વિશે જાગૃત બને તે હેતુ સાથે આ મુલાકાત લેવામાં આવી હતી.
- **તા.૦૧/૧૦/૨૦૧૦** ના રોજ **રતનપર** મુકામે જ S.Y.B.Sc. (H.Sc.) ની વિદ્યાર્થિનીઓ **મુરલીધર પ્રિન્ટીંગ**ની **મુલાકાત** લઈ, **એમ્બ્રોઇડરી, સ્ક્રીન પ્રિન્ટ તથા ડાઇગ** વિશે સવિસ્તાર માહિતી મેળવી હતી.

---

- **જૂનાગઢ** ખાતે **Molecular Biology** ના **વર્કશોપ**માં T.Y. Micro. ની ૦૪ વિદ્યાર્થિનીઓ **કુ.કોમલ ભેરવાની,કુ.ડોલી પરમાર, કુ.નીરાલી રૈયાણી તથા કુ. પૂજા હીરપરા** એન્ટ્રન્સ માટે પસંદ થતાં તેઓ GTU ખાતે **તા.૨૭/૧૨/૨૦૧૦** થી **તા.૦૧/૦૧/૨૦૧૧** દરમ્યાન ગયેલા.
- નવા સેમેસ્ટરની શરૂઆત,લેકચર્સ,પ્રેકટીકલ્સ, શૈક્ષણિક મુલાકાતો, વ્યાખ્યાનો ના વ્યસ્ત સમયપત્રકમાં ગોઠવાતા પહેલા **એક બ્રેક તો બનતા હૈ............** T.Y.G.H.Sc. ની **૨૦** વિદ્યાર્થિનીઓ તથા S.Y. B.Sc.(H.Sc.) ની **૨૮** વિદ્યાર્થિનીઓ **તા.૦૯/૦૧/૨૦૧૧** ના રોજ એક દિવસીય **પીકનીક** અંતર્ગત સ્ટાફ સભ્યો સાથે **ભીડભંજન** તથા **વીરપુર** દર્શન કરવા ગયેલી.
- સમાજના દુષણો પ્રત્યે જાગૃતતા કેળવવાના હેતુ સાથે આપણી કોલેજની **૩૨** વિદ્યાર્થિનીઓએ **તા.૧૨/૦૧/૨૦૧૧** ના રોજ **નવજીવન ટ્રસ્ટ રાજકોટ ડીસ્ટ્રીકટ,એઈડ્સ કંટ્રોલ યુનિટ રાજકોટ તથા ગુજરાત રાજય એઈડ્સ કંટ્રોલ સોસાયટી, અમદાવાદ** ના સહયોગથી રાજય સ્તરીય યુવાદિન ઉજવણી કાર્યક્રમ અંતર્ગત **રેલી, પોસ્ટર્સ તથા રંગોળી સ્પર્ધા**માં ભાગ લીધો હતો.
- **તા.૨૪/૦૧/૨૦૧૧** ના રોજ **શ્રી.એમ.એન.વીરાણી સાયન્સ કોલેજ** ના માઈક્રોબાયોલોજી ડીપાર્ટમેન્ટ દ્વારા આયોજીત **Water Contamination (Pollution) and Water Microbiology** વિષય પર એક દિવસીય **સેમીનાર** માં આપણી કોલેજની T.Y. Micro. ની **૧૪** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.
- F.Y.B.Sc.(H.Sc.) ની **૪૫** વિદ્યાર્થિની બહેનોએ **તા.૨૫/૦૧/૨૦૧૧** ના રોજ **લિજ્જત પાપડ સંકુલ** (ગોંડલ રોડ) ની મુલાકાત લીધી હતી.જેમાં **જયશ્રીબેન ભટ્ટે** પાપડનો લોટ બાંધવાથી શરૂ કરી, તેનું કંઇ રીતે વેચાણ થાય છે તે અંગે માહિતી આપી હતી.
- તા. **તા.૨૫/૦૧/૨૦૧૧** ના રોજ F.Y.B.Sc.(H.Sc.) ની **૪૫** વિદ્યાર્થિની બહેનોએ **શ્રી.વીરાણી બહેરા–મુંગા શાળા** (ઢેબર રોડ)ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી.શાળાના **પ્રિન્સીપાલ શ્રીમતી સ્વાતિબેને** વિદ્યાર્થીઓ માટે અને તેમના દ્વારા થતી પ્રવૃતિઓની માહિતી આપી હતી. આ ઉપરાંત મૂક–બધિર બાળકોને કંઇ વિશેષ પધ્ધતિથી ભણાવાય છે તેના વિશે તથા તેઓને કંઇ રીતે આત્મનિર્ભર બનાવી શકાય તે વિશે પણ આપણી વિદ્યાર્થિનીઓને માહિતી આપી હતી.

  આ જ પ્રવૃતિને આગળ વધારતા, આ જ દિવસે ઉપરોકત વિદ્યાર્થિનીઓ **મહિલા અંધ વિકાસ ગૃહ**(ગોંડલ રોડ) ની **મુલાકાતે** પણ ગઇ હતી.
- પોતાના અને પોતાના કુટુંબના સ્વાસ્થ્ય અંગે જાગૃતતા કેળવાય તે હેતુસર **તા.૨૮/૦૧/૨૦૧૧**ના રોજ S.Y.B.Sc.(H.Sc.) ની **૪૨** વિદ્યાર્થિનીઓએ **ન્યારી ફિલ્ટર પ્લાન્ટ**ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. ત્યાં ફરજ બજાવતા **શ્રી.અજીતસિંહ જાડેજાએ પાણીના ફિલ્ટરેશન અને કલોરીનેશનના વિવિધ તબકકાઓ દ્વારા થતાં પાણીના શુધ્ધીકરણ** અંગે વિદ્યાર્થિનીઓને માહિતગાર કરી હતી.

---

Anyone who has never made a mistake has never tried anything new.-Albert Einstein

- T.Y.H.M.ની ૦૬ વિદ્યાર્થિનીઓ **તા.૨૯/૦૧/૨૦૧૧** ના રોજ રાજકોટની **જીલ્લા ગ્રાહક સુરક્ષા મંડળ** (સદર બજાર) દ્વારા આયોજીત **લેબલીંગ અને પ્રોડકટ** અંગેની **શિબિર**માં ગઇ હતી. જેમાં તેઓને **સિ.પ્રોજેકટ ઓફિસર શ્રી.આર.એન.પંડયા** દ્વારા **લેબલીંગ,પેકેજીંગ** તથા **પ્રોડકટ** વિશે માહિતી આપવામાં આવી હતી.
- T.Y.H.M.ની ૦૬ વિદ્યાર્થિનીઓએ **તા.૦૪/૦૨/૨૦૧૧** ના રોજ રાજકોટની **રાજકુમાર કોલેજ**ની **મુલાકાત** લીધી હતી. આ મુલાકાત દરમ્યાન તેઓએ **મેસ, બેકરી, આર્ટ–ગેલેરી** તથા **મલ્ટી મિડિયા** રૂમની મુલાકાત લઇ માહિતી પ્રાપ્ત કરી હતી.
- **તા.૧૩/૦૨/૨૦૧૧** ના રોજ આપણી કોલેજ દ્વારા આયોજીત **નેશનલ કોન્ફરન્સ એન્વાર્યમેન્ટ એન્ડ કલાઈમેટ**માં T.Y.H.M.ની ૦૧ વિદ્યાર્થિનીએ ભાગ લીધો હતો.
- F.Y.B.Sc.(H.Sc.) ની **૪૫** વિદ્યાર્થિનીઓ **તા.૧૫/૦૨/૨૦૧૧** ના રોજ **મોટા મૌવા** ખાતે તાલુકા પંચાયતની સ્કુલના ICDS ના બાળકોની **મુલાકાતે** ગઇ હતી. જયાં બાળકો સાથે ગામની ૪૦ જેટલી મહિલાઓ પણ હાજર હતી. આ બાળકો અને મહિલાઓને આપણી વિદ્યાર્થિનીઓએ **વેસ્ટ માંથી બેસ્ટ** વસ્તુઓનું પ્રદર્શન અને નિદર્શન આપ્યુ હતુ. આ કાર્યક્રમને સફળ બનાવવા માટે ત્યાંના **CDPO જયોત્સનાબેન મહેતા તથા સુપરવાઇઝર સ્મિતાબેન શુકલ**નો સહયોગ પ્રાપ્ત થયો હતો.
- **તા.૧૮/૦૨/૨૦૧૧** ના રોજ T.Y.G.H.Sc. ની **૧૯** વિદ્યાર્થિનીઓએ **જસદણ** તાલુકાના **હિંગોળગઢ પ્રકૃતિ ઉદ્યાન**ની મુલાકાત લીધી હતી.
- **તા.૨૨/૦૨/૨૦૧૧** ના રોજ T.Y.F.N. ની **૪૫** વિદ્યાર્થિનીઓ માટે **રાજકોટ**ના **નામાંકિત નેફ્રોલોજીસ્ટ ડો. સંજય પંડયા**નું **વ્યાખ્યાન** ગોઠવવામાં આવ્યુ હતુ. જેમાં ડો.પંડયા દ્વારા વિદ્યાર્થિનીઓને પાવર પોઇન્ટ પ્રેઝન્ટેશન દ્વારા સચિત્ર,સરળ ભાષામાં કિડની અંગેની માહિતી આપવામાં આવી હતી.

  આ જ વિષયને આગળ ધપાવતા, **તા.૧૪/૦૩/૨૦૧૧** ના રોજ વિદ્યાર્થિનીઓએ ડો. પંડયાની **સમર્પણ હોસ્પિટલ**ની મુલાકાત લઇ, **ડાયાલીસિસ, ડાયાલીસિસની પ્રક્રિયા** અંગેનો અભ્યાસ કર્યો હતો.
- **તા.૨૬/૦૨/૨૦૧૧** ના રોજ F.Y.B.Sc.(H.Sc.) ની **૩૫** વિદ્યાર્થિનીઓએ **વીરાણી હાઇસ્કુલ** પાછળ આવેલ **ગોપાલ પટોળા આર્ટ** ની **શૈક્ષણિક મુલાકાત** લીધી હતી. જયાં તેઓએ પટોળાનો ઈતિહાસ , ભવિષ્ય, મહત્વ જાણ્યુ હતુ તથા પટોળાનું વિવિંગ નિહાળ્યુ હતુ.
- T.Y.G.H.Sc. ની **૨૨** અને S.Y.B.Sc.(H.Sc.) ની **૩૫** વિદ્યાર્થિનીઓ માટે **સેન્ટ્રલ બેંક ઓફ ઈન્ડિયા**(જયુબેલી શાખા) ના **શ્રી.જે.જે. ધોળકીયા** દ્વારા **તા.૦૪/૦૩/૨૦૧૧** ના રોજ કોલેજ ખાતે એક **વ્યાખ્યાનનું** આયોજન કરવામાં આવ્યુ હતુ. શ્રી. ધોળકિયા દ્વારા વિદ્યાર્થિનીઓને કંઇ રીતે ખાતુ ખોલાવવુ, ચેક, કોમ્પ્યુટર સર્વિસીસ, નેટ બેંકીંગ,ઉપરાંત આપણા જીવનમાં બેંકની ઉપયોગીતા વિશે જ્ઞાનસભર માહિતી આપવામાં આવી હતી.

---

- **તા.૦૫/૦૩/૨૦૧૧** ના રોજ T.Y.F.N. અને T.Y.H.M.ની કુલ **૫૧** વિદ્યાર્થિનીઓ **મેટોડા** સ્થિત **એવરેસ્ટ ઈન્ડસ્ટ્રી** ની મુલાકાતે પહોંચી હતી. જયાં ફેકટરીના વિવિધ યુનિટ્સની મુલાકાત દ્વારા **Food Processing , Food Packaging તથા Food Microbiology Lab**ના વિવિધ સાધનો અને તેના ઉપયોગ વિષે જાણકારી મેળવી હતી.
- **તા.૦૩/૦૩/૨૦૧૧** થી **તા.૧૫/૦૩/૨૦૧૧** સુધી **કેનીંગ–બોટલીંગ** અંગેના એક **વર્કશોપ**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં T.Y.H.Sc. ની કુલ **૪૦** વિદ્યાર્થિનીઓએ **બાગાયત ખાતાના શ્રી.ચુડાસમાભાઈ** પાસેથી **જામ,જેલી,સોસ,સીરપ,સ્કવોશ** નું પ્રત્યક્ષ માર્ગદર્શન તથા નિદર્શન મેળવ્યુ હતુ.વર્કશોપના અંતિમ દિવસે વિદ્યાર્થિનીઓને સર્ટીફીકેટનું વિતરણ કરવામાં આવ્યુ હતુ.
- આપણા શહેરમાં ચાલતી **NGO અખિલ હિન્દ મહિલા પરિષદ**ની **મુલાકાતે** F.Y.B.Sc.(H.Sc.) ની કુલ ૩૦ વિદ્યાર્થિનીઓ **તા.૧૧/૦૩/૨૦૧૧** ના રોજ ગઈ હતી.જયાં તેમને **લીલાબેને** ગર્લ્સ હોસ્ટેલ તથા **અરૂણાબેને** ઘોડીયાઘર વિશે માહિતી આપી હતી. અહીં આ સિવાય **કાઉન્સેલર શ્રીમતી મીનાબેન દવેએ કુટુંબ સલાહ કેન્દ્ર** વિશે વિદ્યાર્થિનીઓને માહિતી આપી હતી.અહીં વિદ્યાર્થિનીઓને જીવનમાં કરવા પડતા સંઘર્ષ અને તેમાંથી બહાર નીકળવા માટે સ્ત્રીઓએ શું કરવુ જોઈએ તેની સમજ આપવામાં આવી.
- T.Y.Chemistry ની **૬૯** વિદ્યાર્થિનીઓ અભ્યાસના ભાગ રૂપે **ઈન્ડસ્ટ્રીયલ વિઝીટ** માટે **તા. ૨૪/૦૩/૨૦૧૧** ના રોજ **શાપર–વેરાવળ** ખાતે ગયેલ હતી. આ મુલાકાત દરમ્યાન તેઓએ કુલ ચાર ઈન્ડસ્ટ્રીઝની મુલાકાત લીધી હતી. જેમાં **મીસીર ટેકનોક્રેટ્સ**માં તેમણે એલોવેરા જેલ, ક્રીમ્સ, શેમ્પુ, હેર ટોનિક વગેરે નેચરલ પ્રોડકટ્સ, થર્મો પ્લાસ્ટ્સ આઈટમ્સ તથા પ્લાસ્ટીક શીટ્સ તથા રોલનું ઉત્પાદન જોવા Essan Specialties ની, ક્રિષ્ના બાયોટેકમાં Insectides, Pesticides ના ઈન્ટરમીડીયેટની માહિતી તથા અંતે કિંજલ વોટર તથા બેવરેજીસમાં મીનરલ વોટર બોટલનું મેન્યુફકચરીંગ, R.O.Plant તથા બીસલેરી સોડા પ્લાન્ટની માહિતી પ્રાપ્ત કરી હતી.

## CCDC (Career Counselling Development Cell) એ વિદ્યાર્થિનીઓના ઉત્થાન માટે યોજેલ કાર્યક્રમો

સ્થાપના સમયથી જ આપણી કોલેજનો ઉદેશ્ય સ્પષ્ટ રહયો છે – વિદ્યાર્થિનીઓનો દરેક ક્ષેત્રે વિકાસ. એટલું જ નહીં અભ્યાસ બાદ કારકીર્દી ઘડતરમાં પણ કોલેજ હમેંશા પોતાની સશકત ભૂમિકા ભજવવા તત્પર રહી છે. તેથી જ અભ્યાસકાળ દરમ્યાન કોલેજ વિદ્યાર્થિનીઓને સતત એવી તકો આપતી રહે છે કે તેમના માટે કારકીર્દીના અનેક ક્ષેત્રોની ક્ષિતિજ ખુલે.કોલેજનું CCDC સેલ તથા ઉદીશા સતત આ માટે કાર્યરત તથા તત્પર રહે છે.

---

- આપણી કોલેજનું CCDC સેલ હરહમેંશ વિદ્યાર્થિનીઓની કારકીંદી અને ભવિષ્યને ધ્યાનમાં રાખીને કાર્યક્રમોનું આયોજન કરતુ રહયુ છે. જેના અંતર્ગત **તા.૨૧/૦૭/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના CCDC સેલ દ્વારા** આયોજીત **'એવીયેશનમાં કારકીંદી'** અંગે **દશ્ય–શ્રાવ્ય શો**નું આયોજન કોલેજના ઓડિટોરીયમ ખાતે કરાયેલ હતુ.જેમાં **કોલેજની તમામ વિદ્યાર્થિનીઓએ** ભાગ લીધો હતો.
- **તા.૨૨/૦૮/૨૦૧૦** ના રોજ કોલેજના CCDC સેલ દ્વારા **'યુથ એમ્પાવરમેન્ટ–પર્સનાલીટી ડેવલોપમેન્ટ'** અંગેનો **એકદિવસીય વર્કશોપ**નું આયોજન કરાયેલ હતુ. **કાર્યક્રમના ઉદ્ઘાટન સમારંભમાં મુખ્ય અતિથિ સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના એકેડેમીક સ્ટાફ કોલેજના ડાયરેકટર ડો.ભદ્રાયુભાઇ વછરાજાની એ પ્રેરણાદાયી વ્યાખ્યાન** આપ્યુ હતુ. ત્યારબાદ **અમદાવાદ મેનેજમેન્ટ એસોસીયેશન (AMA) ના વિઝીટીંગ ફેકલ્ટી શ્રી.પરેશભાઇ પંડયાએ વિષય નિષ્ણાંત** તરીકે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન આપ્યુ હતુ. આ વર્કશોપમાં કુલ **૬૭** વિદ્યાર્થિની ઓએ ભાગ લીધો હતો. વર્કશોપના અંતે **વેલીડીકટરી ફંકશનમાં સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના CCDC સેલના કો–ઓર્ડિનેટર ડો.મનીષભાઇ શાહ**ની ઉપસ્થિતિમાં વિદ્યાર્થિનીઓને સર્ટીફીકેટ એનાયત કરાયા હતા.
- **તા.૧૩/૧૦/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના CCDC** દ્વારા **SUCEAT (Saurashtra University Competitive Awareness Test)** નું આયોજન થયુ હતુ. જેમાં આપણી કોલેજની **૨૧૨** વિદ્યાર્થિનીઓએ રજીસ્ટ્રેશન કરાવેલ હતુ.
- તા.૦૧/૦૩/૨૦૧૧ ના રોજ **Preparation for Competitive Examination-GPSC & UPSC** ના એક દિવસના **વર્કશોપ**નું આયોજન કોલેજ ખાતે થયુ હતુ.
  જેમાં **ડેપ્યુટી કલેકટર તથા સુરત SPIPA** ના **ડાયરેકટર શ્રી.પંકજભાઇ ઔંધિયા** વિષય નિષ્ણાંત તરીકે હાજર રહયા હતા.આ વર્કશોપમાં આપણી કોલેજ, આપણી ભગિની સંસ્થાઓ એમ.વી.એમ. આર્ટસ તથા કોમર્સ,મેનેજમેન્ટ તથા આઇટીની કુલ **૨૧૦** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## ઉદીશા દ્વારા થયેલી વિવિધ પ્રવૃતિઓ

- આપણી જ કોલેજ ખાતે **તા.૨૦/૦૧/૨૦૧૧** થી **ઉમ્મીદ** યોજના હેઠળ **કમ્યુનીકેટીવ ઇંગ્લિશ** ના વર્ગો શરૂ થયા. જેમાં હોમ સાયન્સની **૪૫** વિદ્યાર્થિનીઓએ નામ નોંધાવ્યા. **ત્રણ માસ** નો આ પ્રોગ્રામ **ગુજરાત સરકાર, રાજકોટ મ્યુનિસિપલ કોર્પોરેશન તથા ઓર્કીડ સંસ્થા**ના સંયુકત ઉપક્રમે ચલાવવામાં આવ્યા હતા. જેમાં વિષય નિષ્ણાંત તરીકે **શ્રી. દીપકભાઇ મશરૂ** તથા **સુશ્રી.યાશ્મીનબેને** તેમની સેવા આપી હતી.
- **ગુજરાત પંચાયત સેવા પસંદગી બોર્ડ, અમદાવાદ** દ્વારા થયેલી **ગ્રામ પંચાયત મંત્રી** તથા **જુનીયર કલાર્ક**ની ભરતીની જાહેરાત બાદ,કોલેજની લગભગ ૭૦ વિદ્યાર્થિનીઓએ **ઓનલાઇન એપ્લીકેશન** કરી.
  આ પરિક્ષા અંગે વિદ્યાર્થિનીઓને માર્ગદર્શન મળી રહે તે હેતુ સાથે **તા.૨૮/૦૩/૨૦૧૧** ના રોજ એક **સેમીનાર**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.જેમાં **Mentor** ના **શ્રી.વિકાસભાઇ પટેલે** પરિક્ષાના પ્રશ્નપત્રના માળખા તથા પ્રશ્નોની વિસ્તૃત સમજ આપી હતી.

---

## SCOPE : (Society for creation of Opportunity through Proficiency in English) અંતર્ગત લેવાયેલ વિવિધ પરિક્ષાઓ

આપણે સૌ જાણ્યે છીએ કે અંગ્રેજીનું જ્ઞાન માહિતી પ્રાપ્ત કરવાનું મહત્વનું અને સશકત માધ્યમ છે. આપણી વિદ્યાર્થિનીઓ અંગ્રેજીના જ્ઞાનના અભાવે વિકાસની તકો ન ગુમાવે તથા નવા નવા જ્ઞાનથી વંચિત ન રહી જાય તે હેતુસર કોલેજે વિદ્યાર્થિનીઓને આ વર્ષે **સ્કોપ** ની ભેટ આપી.

- ઓકટોબર–૨૦૧૦ માં કોલેજે **Only Assessment Scheme** હેઠળ **રજીસ્ટ્રેશન** મેળવ્યું.
- ઓકટોબર–૨૦૧૦ માં કુલ **૧૩** વિદ્યાર્થિનીઓએ **Level-A** અને ૦૧ વિદ્યાર્થિનીએ **Level-B** ની પરીક્ષા આપી અને ઉત્તીંણ થઇ.
- ડીસેમ્બર–૨૦૧૦ માં કુલ **૧૬૬** વિદ્યાર્થિનીઓ **Level-A** માટે ૦૯ વિદ્યાર્થિનીઓ **Level-B** માટે અને ૦૪ વિદ્યાર્થિનીઓ **Level-C** માટે **Enroll** થઇ.
- ઉપરોકત SCOPE પરીક્ષાનાં અનુસંધાને **તા.૨૩, ૨૪ અને ૨૫ ડિસેમ્બર ૨૦૧૦** દરમિયાન નિષ્ણાંતો નાં **માર્ગદર્શક વ્યાખ્યાનો** યોજાયા.
- કોલેજમાં ચાલતા SCOPE ના સેન્ટર દ્વારા કોલેજની વિદ્યાર્થિનીઓએ આ સમયગાળા દરમ્યાન ઇંગ્લીશની જુદા જુદા લેવલ તથા જુદી જુદી પરિક્ષાઓ આપી. જેમાં **Level -A** માં કુલ **૧૦૫** વિદ્યાર્થિનીઓએ **લેખિત પરિક્ષા (Writing Test) તા.૨૭/૦૨/૨૦૧૧** ના રોજ તથા **મૌખિક પરિક્ષા (Speaking Test) તા.૧૨ અને ૧૩ માર્ચ ૨૦૧૧** ના રોજ તથા **Level-B** માં કુલ **૨૬** વિદ્યાર્થિનીઓએ **Online Test તા.૦૩ અને ૦૪ માર્ચ ૨૦૧૧** ના તથા **મૌખિક પરિક્ષા (Speaking Test) તા.૧૩ અને ૧૪ માર્ચ ૨૦૧૧** ના રોજ આપી હતી.

## N.C.C. (National Cadet Corps) દ્વારા થયેલ વિવિધ પ્રવૃતિઓ

દેશના યુવાનોમાં ચારિત્ર્ય, સાહચર્ય, શિસ્ત,નેતૃત્વ, ધર્મનિરપેક્ષતા તથા નિસ્વાર્થ સેવાભાવને જાગૃત કરવા માટે,સંગઠિત, શિક્ષિત તથા પ્રેરિત યુવાનોનો સમુહ તૈયાર કરવા માટે તથા જીવનના દરેક ક્ષેત્રમાં નેતૃત્વ પ્રદાન કરવા, ઉપરાંત દેશની સેવા માટે સદાય તત્પર રહેવા આ સિવાય સશસ્ત્ર સેનામાં કારર્કીદી બનાવવા માટે યુવાનોને પ્રેરિત કરવા તથા યોગ્ય વાતાવરણ પ્રદાન કરવાના હેતુસર કાર્યરત **નેશનલ કેડેટ્સ કૌર (NCC)** ના આપણી કોલેજમાં ચાલતા યુનિટ દ્વારા આ સમયગાળા દરમ્યાન થયેલી પ્રવૃતિઓ આ મુજબ રહી.

- **તા. ૦૧/૦૫/૨૦૧૦** ના રોજ **ગુજરાત સ્થાપના દિન** નિમિŽે એન.સી.સી.ના કેડેટŸસ **Ÿારા** કોલેજ ગ્રાઉન્ડ પર **પરેડ** કરવામાં આવી હતી.
- **તા.૨૨/૦૫/૨૦૧૦ થી તા.૦૨/૦૬/૨૦૧૦** દરમ્યાન **નાગાલેન્ડ (પુંગલવા)** ખાત[ **National Integration Camp** માં કોલેજની પસંદગી પામેલ **કુ. મેઘલ પાઠક** F.Y.B.Sc.(H. Sc.)અને **કુ. જયોતિ તલસાણીયા** F.Y.B.Sc. (H.Sc.) એ કેમ્પમાં ભાગ લીધો હતો.
- **તા.૨૫/૦૬/૨૦૧૦** ના રોજ **"વ્યસન મુકિત" રેલી** નું આયોજન કરવામાં આવેલ હતું, જેમાં કોલેજની **૧૫ કેડેટ્સે** ભાગ લીધેલ હતો.

---

- **તા.૨૬/૦૬/૨૦૧૦** ના રોજ **મુંજકા ગામ** ખાતે **"વ્યસન મુકિત"** અંગે **શેરી નાટક** યોજવામાં આવેલ હતું જેમાં કોલેજની **૦૫** વિદ્યાર્થીનીઓએ ભાગ લીધેલ હતો.
- **તા.૨૯/૦૬/૨૦૧૦** ના રોજ સાંજે કોલેજની સાયન્સ, આર્ટ્સ તથા હોમ સાયન્સ ની F.Y. ની વિદ્યાર્થીનીઓન[ N.C.C. ઓફીસર્સ દ્વારા N.C.C. વિશે સમજ આપવામાં આવી હતી તેમજ તેઓ દ્વારા વિદ્યાર્થીનીઓ/કેડેટ્સનું સિલેકશન કરવામાં આવ્યું હતું.
- **ભાવનગર** ખાતે **તા.૧૫/૦૭/૨૦૧૦ થી તા.૨૫/૦૭/૨૦૧૦ દરમ્યાન Pre. T.S.C. (થલસેના કેમ્પ)** માં ૦૯ **કેડેટ્સે** ભાગ લીધો હતો.
- **લખતર** ખાતે **તા.૨૫/૦૭/૨૦૧૦ થી તા.**૦૩/૦૮/૨૦૧૦ દરમ્યાન **Pre. T.S.C. (થલસેના કેમ્પ)** માં ૦૩ **કેડેટ્સ** જોડાઇ હતી.
- **તા.૦૪/૦૮/૨૦૧૦ થી તા.૧૩/૦૮/૨૦૧૦** ના **સિદસર** ખાતે **Pre. T.S.C. (થલસેના કેમ્પ)** માં **૦૩ કેડેટ્સ** જોડાઇ હતી. આ કેમ્પમાં યોજાયેલ **'ફાયરીંગ કોમ્પીટીશન'** માં સમગ્ર સૌરાષ્ટ્રની શાળા–કોલેજની વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો. જેમાં આપણી કોલેજની **કુ. અવની જોષી પ્રથમ ક્રમે** આવી કોલેજનું ગૌરવ વધાર્યુ હતુ.
- **તા.૧૭/૦૮/૨૦૧૦ થી તા.૨૬/૦૮/૨૦૧૦** દરમ્યાન **કડી** ખાતે યોજાયેલ કેમ્પમાં કોલેજની **૦૨ કેડેટ્સ** જોડાઇ હતી.
- **તા.૨૦/૦૮/૨૦૧૦ થી તા.૨૯/૦૮/૨૦૧૦** દરમ્યાન **મવડી** ખાતે **ATC (એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ)** માં કોલેજની **૪૫ કેડેટ્સે** ભાગ લીધો હતો. આ કેમ્પમાં ૨૫ શાળા–કોલેજની વિદ્યાર્થિનીઓએ ભાગ લીધેલો. જેમાં આપણી કોલેજની વિદ્યાર્થિનીઓ **ડ્રીલમાં પ્રથમ** આવી હતી. અને **કેમ્પ સિનિયર નો એવોર્ડ** પણ જીતી હતી.
- **તા.૨૮/૦૮/૨૦૧૦ થી તા.૦૬/૦૯/૨૦૧૦** દરમ્યાન **અમદાવાદ** ખાતે **T.S.C. કેમ્પ** ખાતે ગયેલી આપણી કોલેજની વિદ્યાર્થિની ની દિલ્હી કેમ્પ માટે પસંદગી થઇ હતી.
- **તા.૧૫/૦૯/૨૦૧૦ થી તા.૨૪/૦૯/૨૦૧૦** સુધી **મવડી** ખાતે **Pre. RDC કેમ્પનું** આયોજન થયેલુ. જેમાં આપણી કોલેજની **૦૫ કેડેટ્સ** સીલેકટ થઇ હતી.
- **તા.૧૪/૧૦/૨૦૧૦ થી તા.**૨૩/૧૦/૨૦૧૦ દરમ્યાન **જૂનાગઢ** ખાતે **Pre. RDC (રીપબ્લીક ડે)** નું આયોજન કરવામાં આવેલ હતુ. જેમાં આપણી કોલેજની **૧૦ કેડેટ્સ** જોડાય હતી.
- **તા.૧૬/૧૦/૨૦૧૦ થી તા.**૨૬/૧૦/૨૦૧૦ દરમ્યાન **દિલ્હી** ખાતે **નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પ** માં આપણી કોલેજની **૦૩ કેડેટ્સ** પસંદગી પામેલ હતી.
- **તા.૨૨/૧૦/૨૦૧૦ થી તા.**૦૨/૧૧/૨૦૧૦ દરમ્યાન **દિલ્હી** ખાતે **થલસેના કેમ્પ** માં આપણી કોલેજની વિદ્યાર્થિની કુ.પ્રભા ઘોડકીયા પસંદગી પામેલ હતા. રાજકોટમાંથી ફકત પાંચ વિદ્યાર્થિનીઓ માંથી તેમની પસંદગી કોલેજ માટે ગૌરવપૂર્ણ બાબત હતી. કારણ કે કુલ નવ કેમ્પ પૂર્ણ કર્યા બાદ આ કેમ્પમાં જવા માટે તેમની પસંદગી થઇ હતી.આ કેમ્પ દરમ્યાન મેપ રીડીંગ, ફાયરીંગ (૦.૨) વગેરેમાં તેણી અવ્વલ નંબરે રહી હતી.

---

- **તા.૨૬/૧૦/૨૦૧૦ થી તા. ૦૪/૧૧/૨૦૧૦** દરમ્યાન **વિદ્યાનગર** મુકામે **Pre. RDC (રીપબ્લીક ડે)** માં આપણી કોલેજની **કુ. પૂર્વીકા ગોંડલીયા** F.Y.B.Sc.(H.Sc.) તથા **કુ. ચાંદની ગોસ્વામી** એ ભાગ લીધો હતો.
- **તા.૧૫/૧૧/૨૦૧૦ થી તા. ૦૪/૧૨/૨૦૧૦** દરમ્યાન **દાર્જીલીંગ** ખાતે આપણી કોલેજની **૦૪ કેડેટ્સે ટ્રેકીંગ કેમ્પ** માં ભાગ લીધો હતો.
- **તા.૨૦/૧૨/૨૦૧૦ થી તા. ૦૫/૦૨/૨૦૧૧** દરમ્યાન **RDC (રીપબ્લીક ડે)** માટે આપણી કોલેજની કુલ **૦૨ કેડેટ્સ** પસંદગી પામેલ છે. જેઓ **રાજપથ પર તા.૨૬ જાન્યુઆરી** ની **પરેડ** તેમજ **PM રેલી (પ્રાઇમ મિનિસ્ટર રેલી)** માં પણ ભાગ લેશે.
- **તા.૦૨/૦૧/૨૦૧૧** થી **તા.૧૪/૦૧/૨૦૧૧** દરમ્યાન **નેશનલ ઇન્ટીગ્રેશન કેમ્પ, મવડી (રાજકોટ)** ખાતે યોજાયેલ હતો. આ કેમ્પમાં ભારતના જુદા જુદા રાજયો માંથી NCC ના કેડેટ્સ જોડાયા હતા. કેમ્પ દરમ્યાન સાંસ્કૃતિક કાર્યક્રમનું આયોજન થયેલ હતુ. જેમાં આપણી કોલેજના કેડેટ્સ દ્વારા રજુ થયેલ **સમુહ નૃત્ય પ્રથમ** ક્રમે રહયુ હતુ.આ કેમ્પમાં આપણી કોલેજની કુલ **૦૪** વિદ્યાર્થિનીઓ જોડાઇ હતી.
- **તા.૨૬/૦૧/૨૦૧૧** ના રોજ **નવી દિલ્હી** ખાતે યોજાયેલ **રીપબ્લીક ડે કેમ્પ** દરમ્યાન **રીપબ્લીક ડે પરેડ**માં આપણી કોલેજની કુલ **૦૨** વિદ્યાર્થિનીઓ **કુ.પૂર્વિકા ગોંડલીયા** F.Y.B.Sc.(H.Sc.) તથા **કુ.ચાંદની ગોસ્વામી**એ ભાગ લઇ, પોતે ભારતીય હોવાનું વિશેષ ગૌરવ અનુભવ્યુ હતુ અને સાથોસાથ કોલેજને પણ ગૌરવ પ્રદાન કર્યુ હતુ.
- **તા.૩૧/૦૧/૨૦૧૧** થી **તા.૦૯/૦૨/૨૦૧૧** દરમ્યાન **મવડી** ખાતે **એન્યુઅલ ટ્રેનિંગ કેમ્પ**નું આયોજન થયેલ હતુ. આ કેમ્પમાં કોલેજની કુલ **૪૧ કેડેટ્સ** જોડાઇ હતી.
- આ ઉપરાંત દર **શુક્રવારે બપોરે ૩ થી ૫ કલાક** દરમ્યાન કોલેજના N.C.C. ગ્રાઉન્ડ પર **પરેડ** યોજાય છે. પરેડ ને અંતે કેડેટ્સ **રીફ્રેશમેન્ટ** લઇ છૂટા પડે છે.
- આખા વર્ષના દર શુક્રવારે યોજાતી પરેડના અંતે NCC ના કેડેટ્સે પરિક્ષામાં ઉર્ત્તિણ થવુ પણ જરૂરી છે. **પ્રથમ વર્ષ**ની **B સર્ટીફીકેટ** ની **પ્રેકટીકલ પરિક્ષા તા.૦૫/૦૨/૨૦૧૧**ના રોજ તથા **થીયરી પરિક્ષા તા.૦૬/૦૨/૨૦૧૧** ના રોજ લેવાયેલ હતી. આ પરિક્ષા કુલ **૪૨ કેડેટ્સે** આપી હતી.આ જ રીતે NCC ના કેડેટ્સ માટે **અંતિમ વર્ષ**ની **C સર્ટીફીકેટ** માટેની **પ્રેકટીકલ પરિક્ષા તા.૨૬/૦૨/૨૦૧૧** અને **થીયરી પરિક્ષા તા.૨૭/૦૨/૨૦૧૧** ના રોજ લેવાયેલ હતી. તેમાં કુલ **૩૫** કેડેટ્સે પરિક્ષા આપી હતી.

## N.S.S. (National Service Scheme) દ્વારા થયેલ વિવિધ પ્રવૃતિઓ

કોલેજના વિદ્યાર્થીઓ દ્વારા સમાજ સેવા કરવી, તેમનામાં સામાજીક ચેતના જાગૃત કરવી, પોતાની કોલેજની આસપાસના સમાજના લોકો સાથે કામ કરવાની તેમને તક આપવી,તેઓની સર્જનશકિત અને રચનાત્મક શકિત જાગૃત કરવી,તેઓએ પ્રાપ્ત કરેલ શિક્ષણનો સમાજના ભલાઇમાં ઉપયોગ

કરવો, વિદ્યાર્થી સમાજ સેવા ના માધ્યમથી પોતાના વ્યકિત્વનો વિકાસ કરે અને પોતાના અનુભવો વધારે તે હેતુ સાથે આપણી કોલેજ માં **રાષ્ટ્રીય સેવા યોજના (National Service Scheme)** શરૂ થઇ.

- **તા.૦૧/૦૫/૨૦૧૦** ના રોજ **ગુજરાત સ્થાપના દિન** નિમિત્તે N.S.S. ના બહેનો **દ્વા**રા કોલેજ ગ્રાઉન્ડ પર **પરેડ** કરવામાં આવી હતી.
- **તા.૦૨/૦૮/૨૦૧૦** ના રોજ વિદ્યાર્થિનીઓને N.S.S. ની પ્રવૃતિઓ અંગે માહિતગાર કરી, **શ્રમયજ્ઞ**નું આયોજન કરાયેલ હતુ. જેમાં ૮૦ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.
- **તા.૨૦/૦૯/૨૦૧૦** ના રોજ **યુવા અસ્મિતા સમારોહ** માં N.S.S. ના પ્રોગ્રામ ઓફિસર તથા વિદ્યાર્થિનીઓએ વિવિધ સ્પર્ધાઓમાં ભાગ લીધો હતો. જેમાં T.Y.G.H.Sc. ની વિદ્યાર્થિની **કુ.જીજ્ઞા ઠાકર**એ **એક પાત્રીય અભિનય**માં **તૃતીય નંબર** પ્રાપ્ત કર્યો હતો.
- **તા.૦૪/૧૦/૨૦૧૦** ના રોજ **કણસાગરા મહિલા કોલેજ** ખાતે **ગાંધી જયંતિ** અંતર્ગત **'ગીતા માર્ચ'** કાર્યક્રમમાં પ્રોગ્રામ ઓફિસર પ્રા.ઇન્દુબેન તન્ના તથા F.Y.B.Sc.(H.Sc.) ની **૦૫** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો
- **તા. ૨૬/૧૨/૨૦૧૦ થી તા.૦૧/૦૧/૨૦૧૧** દરમ્યાન આપણી કોલેજનો **N.S.S. કેમ્પ માખાવડ** ગામ ખાતે યોજાયેલ હતો. જેમાં કોલેજની **૫૦** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. સમગ્ર કેમ્પ દરમ્યાન શિબિરાર્થિઓ દ્વારા સ્કુલની, ગામની શેરીઓ તથા મંદિરની સફાઇ, આંગણવાડીની સફાઇ ઉપરાંત ગામવાસીઓને પર્યાવરણનું મહત્વ સમજાવવા વૃક્ષોને રંગકામ, પાણી પીવડાવવાનું કાર્ય, ગામની બહેનો અને બાળકોને બાળકોની સારસંભાળ, પોષણ, સ્વરોજગાર તથા પ્રૌઢ શિક્ષણ, વગેરે કાર્ય કરવામાં આવ્યુ.

  ઉપરાંત દરરોજ રાત્રે જુદા જુદા કાર્યક્રમો અંતર્ગત જે તે વિષય નિષ્ણાંતોના વ્યાખ્યાન, વર્કશોપ, નિદર્શન, રાસગરબા, અંતાક્ષરી, સાંસ્કૃતિક કાર્યક્રમોનું આયોજન પણ કરવામાં આવ્યુ હતુ.

## N.S.S. તથા Nature Club અંતર્ગત થયેલી પ્રવૃતિઓ

- **તા. ૦૪/૦૭/૨૦૧૦** ના રોજ કોલેજ કેમ્પસ ખાતે એક **વૃક્ષારોપણ કાર્યક્રમ**નું આયોજન કરવામાં આવેલ હતું. જેમાં કોલેજના પ્રિન્સીપાલ ડો. કે. જે. ગણાત્રા, અધ્યાપક મિત્રો તથા વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહભેર ભાગ લઇ પર્યાવરણ અંગે પોતાની જાગૃતતા બતાવી હતી.
- **તા.૦૬/૦૭/૨૦૧૦** ના રોજ **રાજકોટના ૪૦૦ મા જન્મદિન** નિમિતે ફરીથી N.S.S. તથા નેચર કલબની વિદ્યાર્થિની બહેનોને ઔષધિય અને ઉપયોગી વૃક્ષો જેવા કે લીમડો, સવન, કરંજ, ગુલમહોર જેવા વૃક્ષો અંગેની Ôણકારી આપવામાં આવી. ત્યારબાદ 'રાજકોટ ડે' નિમીતે **વૃક્ષારોપણ** કરવામાં આવ્યું.

  વૃક્ષારોપણ કાર્યક્રમની સાથોસાથ **કેક કટીંગ** કરીને પોતાનો રાજકોટ પ્રત્યેનો પ્રેમ અને લાગણી વ્યકત કર્યા હતા.

---

## <u>રમત ગમત વિભાગ દ્વારા થયેલી વિવિધ પ્રવૃતિઓ</u>

એક સમય એવો હતો, જયારે રમત ગમત ક્ષેત્રે ગુજરાતીઓમાં ઉત્સાહનો અભાવ જોવા મળતો. આજે સમયનું ચક્ર ફર્યુ છે. રમત ગમત ક્ષેત્રે ભાઇઓજ નહી., બહેનો પણ સક્રિય ભાગ લેતી થઇ છે. ટેલીવિઝનની આમાં મહત્વની ભૂમિકા રહી છે. પરંતુ સ્થાનિક કક્ષાએ જે તે સંસ્થા, પ્રિન્સીપાલ તથા વ્યાયામ શિક્ષકની ભૂમિકા વધુ અગત્યની હોય છે. તેમના પ્રયત્નો, પ્રોત્સાહન તથા સુવિધાના સમન્વયથી શ્રેષ્ઠ,સશકત ખેલાડી તેમજ નાગરીક સમાજને પ્રાપ્ત થાય છે. આવા ઉત્તમ સમન્વયના પરિણામે આ વર્ષે પણ આપણી કોલેજે રમત ગમત ક્ષેત્રે ઉત્કૃષ્ટ દેખાવ કર્યો.

- **તા.૧૯/૦૮/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત તથા એસ. ઇ. ટી. મહિલા આર્ટસ એન્ડ કોમર્સ કોલેજ, જૂનાગઢ દ્વારા સંચાલિત ઇન્ટર કોલેજ સોફટ બોલ સ્પર્ધા** માં કોલેજની કુલ **૧૬** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી **કુ. જીગ્તા વાદી** S.Y. B.Sc. વ્યકિતગત દેખાવના આધારે **ઇન્ટર યુનિવર્સિટી ટીમમાં પસંદગી** પામ્યા હતા.
- **તા.૨૯/૦૮/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત** તથા **આપણી કોલેજ દ્વારા સંચાલિત ઇન્ટર કોલેજ હેન્ડ બોલ સ્પર્ધા (બહેનો)** નું આયોજન કરાયેલ હતુ. જેમાં **કુલ ૦૮ ટીમોએ** ભાગ લીધો હતો. સ્પર્ધાના **ઉદ્ઘાટન સમારંભ**માં કોલેજના પ્રિન્સીપાલ તથા સ્ટાફમિત્રોની હાજરીમાં **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સેનેટ સભ્ય ડો. વિજયભાઇ ભટાસણા**એ ટોસ ઉછાળીને સ્પર્ધા જાહેર કરી હતી. આ સ્પર્ધામાં આપણી કોલેજની **૧૨** વિદ્યાર્થિનીઓની ટીમ **સેમી ફાઇનલ** સુધી પહોંચી હતી. જયારે **આપણી ભગીની કોલેજ એમ.વી.એમ. આર્ટસ કોલેજે ફાઇનલ માં શારીરિક શિક્ષણ અનુસ્નાતક ભવન સામે રમી, ૧૧–૦૧ થી જીત** પ્રાપ્ત કરી હતી. આ સ્પર્ધામાં વ્યકિતગત દેખાવના આધારે **કુ. રીંકુ ભેંસદડીયા** S.Y.B.Sc. **ઇન્ટર યુનિવર્સિટી ટીમમાં પસંદગી** પામ્યા હતા.
- **તા.૧૯/૦૯/૨૦૧૦** ના રોજ **ગુજરાત સ્ટેટ એમોચ્યોર બોકસીંગ** ના આયોજન અંતર્ગત ગુજરાત સ્ટેટ બોકસીંગ સ્પર્ધા નું આયોજન **ખોખરા ઇન્ડોર સ્ટેડિયમ, અમદાવાદ** ખાતે કરાયેલ હતુ. જેમાં આપણી કોલેજની **૧૪** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **કુ. જલ્પા કાસુન્દ્રા** F.Y.B.Sc.**તથા કુ. જીગ્તા વાદી** S.Y.B.Sc.**ગોલ્ડ મેડલ, કુ.પુનમ જુડાસીયા** M.Sc.(H.Sc.), **કુ. રીંકુ ભેંસદડીયા** S.Y.B.Sc., **કુ. ધરતી ચાંગેલા** S.Y.B.Sc. (H.Sc.) , **કુ. નીરાલી ઠુમ્મર** T.Y.F.N. , **કુ. ધારા ડઢાણીયા** S.Y.B.Sc. (H.Sc.)**તથા કુ.ખુશ્બુ તલસાણીયા** F.Y.B.Sc.**એ સિલ્વર મેડલ તથા કુ. ભાવિકા કુંડારીયા** F.Y.B.Sc.,**કુ. કાજલ પટેલ** S.Y.B.Sc.**અને કુ.ર્કીતિકા ખૂંટ** T.Y.F.N. **એ બ્રોન્ઝ મેડલ મેળવી કુલ ૩૧ પોઇન્ટ સાથે કોલેજને જનરલ ચેમ્પીયનશીપ** પ્રાપ્ત કરાવી કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
- **તા.૨૦/૦૯/૨૦૧૦**ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત** તથા **ગજેરા શૈક્ષણિક સંકુલ,અમરેલી દ્વારા સંચાલિત બાસ્કેટબોલ સ્પર્ધા**માં કોલેજની કુલ **૧૩** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં વ્યકિતગત દેખાવના આધારે **કુ. નિકેતા ગઢિયા** M.Sc.( H.Sc.) તથા

કુ. **દિક્ષિતા વાજા** T. Y. Micro. **ઈન્ટર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી** પામ્યા હતા.

- **તા.૧૧/૧૦/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત તથા આપણી ભગિની કોલેજ એમ.વી.એમ. આર્ટસ કોલેજ, રાજકોટ દ્વારા સંચાલિત ઈન્ટર કોલેજ હોકી (બહેનો)** માં કોલેજની કુલ **૧૨** વિદ્યાર્થિનીઓએ **ધ્યાનચંદ હોકી ગ્રાઉન્ડ,રેસકોર્સ** ખાતે ભાગ લીધો હતો.
- **તા.૧૨/૧૧/૨૦૧૦**ના રોજ **અજમેર ખાતે ઈન્ટર યુનિવર્સિટી સ્પર્ધા** માં **કુ.નિકિતા ગઢિયા** M.Sc.( H.Sc.) એ ભાગ લઈ, કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
- **તા. ૨ થી ૧૦ ડીસેમ્બર ૨૦૧૦** દરમ્યાન **ત્રિશુર, કેરાલા** ખાતે યોજાયેલ **નેશનલ વીમેન્સ એમ્યોર બોકસીંગ કોમ્પીટીશન** માં આપણી કોલેજની **કુ. ચાંદની જાપડીયા** T. Y. Micro., **કુ. જલ્પા કાસુન્દ્રા** F. Y. B.Sc., **કુ. દિક્ષિતાકુમારી વાજા** T. Y. Micro. એ ભાગ લઈ, કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
- **તા.૬ અને ૭ ડીસેમ્બર ૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત તથા આપણી ભગીની કોલેજ એમ.વી.એમ. આર્ટસ કોલેજ, રાજકોટ દ્વારા સંચાલિત ઈન્ટર કોલેજ ક્રિક્રેટ (બહેનો)** માં આપણી કોલેજની **૧૪** વિદ્યાર્થિનીઓએ **સરદાર પટેલ ક્રિક્રેટ પેવેલિયન, સૌરાષ્ટ્ર યુનિવર્સિટી** ખાતે ભાગ લીધો હતો.
- **ડીસેમ્બર ૨૦૧૦** ના **ગ્વાલીયર** ખાતે યોજાયેલ **ઈન્ટર યુનિવર્સિટી ક્રિકેટ સ્પર્ધા**માં આપણી કોલેજની **કુ.પુનમ જુડાસીયા** M.Sc. H. Sc. તથા **કુ. ધારા ડઢાણિયા** S. Y. B.Sc.(H.Sc.) એ ભાગ લઈ કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
- **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત** તથા **એસ.ઇ.ટી.મહિલા કોલેજ,જુનાગઢ** દ્વારા સંચાલિત **આંતર કોલેજ સોફ્ટ બોલ સ્પર્ધા (બહેનો)** માં આપણી કોલેજે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વ્યકિતગત દેખાવના આધારે **કુ.જિગ્ના વાદી** S.Y.B.Sc. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામતા **તા.૨૦/૦૧/૨૦૧૧ થી તા. ૨૮/૦૧/૨૦૧૧** દરમ્યાન **નાગાર્જુન યુનિવર્સિટી, ગન્તુર** ખાતે યોજાયેલ **સોફ્ટ બોલ સ્પર્ધા (બહેનો)** માં ભાગ લેવા ગયેલ હતા.
- **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત** તથા આપણી કોલેજ દ્વારા સંચાલિત **આંતર કોલેજ હેન્ડબોલ સ્પર્ધા (બહેનો)** માં આપણી કોલેજે ભાગ લીધો હતો. આ સ્પર્ધામાં વ્યકિતગત દેખાવના આધારે **કુ.રીંકુ ભેંસદડીયા** S.Y.B.Sc. સૌરાષ્ટ્ર યુનિવર્સિટીની ટીમમાં પસંદગી પામતા, **તા.૧૭/૦૧/૨૦૧૧ થી તા. ૨૪/૦૧/૨૦૧૧** દરમ્યાન **મહારાષ્ટ્ર** ખાતે યોજાયેલ **હેન્ડબોલ સ્પર્ધા (બહેનો)** માં ભાગ લેવા ગયેલ.

## CELEBRATIONS

ભારતએ તહેવારો અને ઉત્સવોનો દેશ છે. આપણા રોજબરોજના જીવનમાં તહેવારો તથા ઉત્સવો સતત ધબકતા રહી, આપણને જીવન જીવવાની નવી ઉર્જા,શકિત તથા જોમ પ્રદાન કરે છે. વળી,મનુષ્યનો મૂળભૂત સ્વભાવ પણ નાવીન્યની ઝંખના રાખનારો રહયો છે. તો આપણી કોલેજ પણ વિવિધ ઉત્સવોની ઉજવણી કરવામાં અને તહેવારો માણવા માંથી કંઇ રીતે બાકાત રહી શકે?

---

## <u>સ્વાતંત્ર્ય દિનની ઉજવણી</u>

**તા.૧૫/૦૮/૨૦૧૦** ના રોજ એમ.વી.એમ. કોમ્પ્યુટર, આઇટી. તથા મેનેજમેન્ટ કોલેજ ખાતે એમ.વી.એમ.કોલેજ પરિવાર દ્વારા **ભારતના ૬૪ મા સ્વાતંત્ર્ય દિનની ઉજવણી** અંતર્ગત **ધ્વજવંદન તથા રંગારંગ કાર્યક્રમનું** આયોજન કરાયેલ હતુ. જેમાં સમગ્ર કોલેજ પરિવારના સ્ટાફમિત્રો, વિદ્યાર્થિનીઓએ ધ્વજવંદન તથા રંગારંગ કાર્યક્રમને માણ્યો હતો અને કાર્યક્રમના અંતે રીફ્રેશમેન્ટ લઇ છૂટા પડયા હતા.

## <u>સ્વામી વિવેકાનંદ જયંતિની થયેલ ઉજવણી</u>

**તા.૧૨/૦૧/૨૦૧૧** ના રોજ કોલેજની વિદ્યાર્થિનીઓ તેમજ અધ્યાપકોની ઉપસ્થિતિમાં ભારતના ક્રાંતિકારી સંન્યાસી સ્વામીશ્રી વિવેકાનંદજીની જન્મજયંતિની ઉજવણી કરવામાં આવી હતી.આ પ્રસંગે T.Y.Micro. ની વિદ્યાર્થિની **કુ. પૂજા નાયકપરા**એ સ્વામીજીના જીવન કવનની વિસ્તૃત માહિતી આપતા જણાવ્યુ કે સ્વામીજી હમેંશા યુવાપેઢીને પોતાના જીવન કેન્દ્રમાં રાખતા આ ઉપરાંત F.Y.B.Sc. ની વિદ્યાર્થિનીઓ **કુ.નિધિ મારવાણીયા** તેમજ **કુ. હિરલ કુકડીયા**એ પણ ઉપસ્થિત સર્વેને સ્વામીજીના જીવન માંથી પ્રેરણા લેવાનું આહ્વાન આપ્યુ.

## <u>મતદાતા દિનની ઉજવણી</u>

**તા.૨૫/૦૧/૨૦૧૧** ના રોજ મતદાતા દિનની ઉજવણીના એક કાર્યક્રમનું આયોજન કોલેજ ખાતે કરવામાં આવ્યુ હતુ.જેમાં **કુ.લીના મકવાણા** F.Y. B.Sc. , **કુ.મેઘા છાંટબાર** S.Y. B.Sc.,**કુ.હિરલ ગથેથરીયા** તથા **કુ.જાનવી કગથરા** T.Y. Chem. એ મતદાન અંગે પોતાનું વકતવ્ય આપ્યુ હતુ.ફકત વિદ્યાર્થિનીઓ જ નહીં, સાથોસાથ આપણા અધ્યાપક મિત્રોએ પણ મતદાન અંગે પોતાની અનુભવસિધ્ધ વાતો વિદ્યાર્થિનીઓ સાથે વહેંચી હતી.

## <u>પ્રજાસત્તાક દિનની ઉજવણીનો કાર્યક્રમ</u>

**તા.૨૬/૦૧/૨૦૧૧** ના રોજ **૬૨મા પ્રજાસત્તાક દિનની ઉજવણી** કરવા આપણી સંસ્થાની ત્રણે ભગિની કોલેજોની વિદ્યાર્થિનીઓ તથા અધ્યાપકો **એમ.વી.એમ. કોર્મસ, મેનેજમેન્ટ તથા આઇટી કોલેજ** ખાતે સવારે ૮.૩૦ કલાકે ધ્વજવંદન કાર્યક્રમ માટે એકઠા થયેલ.ધ્વજવંદન બાદ રીફ્રેશમેન્ટ લઇ સૌ છૂટા પડયા હતા.

## <u>કેમેસ્ટ્રી વર્ષની ઉજવણી – વકતૃત્વ સ્પર્ધાનું આયોજન</u>

આપણે સૌ જાણ્યે છીએ કે, વર્ષ ૨૦૧૧ ને **કેમેસ્ટ્રી વર્ષ** તરીકે જાહેર કરવામાં આવ્યુ છે ત્યારે આપણી કોલેજ ખાતે **તા.૦૪/૦૩/૨૦૧૧** ના રોજ **ઇન્ટર કલાસ વકતૃત્વ સ્પર્ધા**નું આયોજન કરવામાં આવ્યુ હતુ.

---

આ સ્પર્ધામાં કુલ **૧૪** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.જેમાં **કુ.આરતી મકવાણા** T.Y.Chem. **પ્રથમ ક્રમ,કુ. વિનિતા પાંડે** F.Y.B.Sc. **દ્વિતિય ક્રમ તથા તૃતીય ક્રમે કુલ ૦૩ વિદ્યાર્થિનીઓ કુ. લીના મકવાણા** F.Y.B.Sc., **કુ. નિરિક્ષા માલમ** T.Y.Micro. **તથા કુ.મીના રાજકોટીયા** T.Y.Chem. વિજેતા જાહેર થયા હતા.

## ઈનામ વિતરણ સમારોહ

**શૈક્ષણિક વર્ષ ૨૦૦૮–૨૦૦૯** તથા **૨૦૦૯–૨૦૧૦** ના **શૈક્ષણિક, સાંસ્કૃતિક ,રમત ગમત,સપ્તધારા તથા NCC**ની પ્રવૃતિઓમાં ઉત્કૃષ્ઠ દેખાવ કરવા બદલ આપણી કોલેજની ત્રણે સંસ્થાઓનો સંયુકત **પારિતોષિક વિતરણ સમારોહ તા.૦૯/૦૨/૨૦૧૧** ના રોજ કોલેજના ઓડિટોરીયમ હોલ ખાતે યોજાય ગયો.

## વાર્ષિકોત્સવની થયેલ ઉજવણી

**વર્ષ ૨૦૧૦–૨૦૧૧ નો વાર્ષિકોત્સવ** આપણી ભગિની સંસ્થાઓ એમ.વી.એમ. આર્ટસ તથા કોમર્સ,મેનેજમેન્ટ તથા આઇટી સાથે સંયુકતરૂપથી **તા.૦૯ તથા ૧૦ ફેબ્રુઆરી ૨૦૧૧** ના રોજ કોલેજના આડિટોરીયમ ખાતે યોજાયેલ હતો. આ કાર્યક્રમમાં બન્ને દિવસ દરમ્યાન આપણી વિદ્યાર્થિનીઓ દ્વારા કુલ **૧૪ કૃતિઓ** રજુ થઇ અને તેઓએ પોતાની કલાનું પ્રદર્શન ટ્રસ્ટીશ્રીઓ, આમંત્રિતો, અધ્યાપકો તથા અન્ય વિદ્યાર્થિનીઓ સમક્ષ કરી,તેમને મંત્રમુગ્ધ કરી દીધા હતા.

## સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત યુવક મહોત્સવ

સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત યુવક મહોત્સવમાં ભાગ લેવા માટે આપણી વિદ્યાર્થિનીઓના જોમ અને જુસ્સાને જોવો એ એક લ્હાવો છે. જયારે તેઓ સ્ટેજને ધમરોળે ત્યારે જોનારની આંખો મટકું મારવાનું ચૂકી ન જાય તો જ આશ્ચર્ય, તેમની કૃતિ નિહાળી જોનાર વાહ ન બોલે તો જ આશ્ચર્ય. આવી જોમ અને જુસ્સાથી આપણી કોલેજની વિદ્યાર્થિનીઓએ આ વર્ષે પણ યુવક મહોત્સવના દરેક ક્ષેત્રમાં પોતાની અમીટ છાપ છોડી.

**સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત તથા સર્વોદય કોલેજ ઓફ મેનેજમેન્ટ એન્ડ ટેકનોલોજી, લીંબડી** દ્વારા સંચાલિત **૪૧મા યુવક મહોત્સવ(ઉત્તર ઝોન)** માં કોલેજની કુલ **૪૫** વિદ્યાર્થિનીઓએ **વિવિધ સ્પર્ધાઓમાં ભાગ** લીધો હતો. **તા.૨૩–૨૪ સપ્ટેમ્બર ૨૦૧૦** ના **ઉત્તર ઝોન સ્પર્ધામાં ૦૯ સ્પર્ધાઓમાં કોલેજની વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થઇ હતી.** તથા **તા.૨૭/૦૯/૨૦૧૦** ના રોજ યોજાયેલ **ઇન્ટર ઝોન સ્પર્ધા**માં કોલેજ **૦૬ ઈવેન્ટમાં વિજેતા** નીવડી હતી. નીચેની સ્પર્ધાઓમાં વિદ્યાર્થિનીઓ એ ભાગ લીધો હતો તથા પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, વિજેતા નીવડી હતી.

---

## <u>સાહિત્ય વિભાગ</u>

- **વકતૃત્વ સ્પર્ધા** માં **કુ.પૂજા નાયકપરા** T. Y.Micro એ ભાગ લીધો હતો.
- **ડીબેટ કોમ્પીટીશન**માં F. Y. B.Sc. ની **કુ. અસ્મિતા ઝીંઝોળા**એ **ઉત્તર ઝોનમાં દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **કવીઝ કોમ્પીટીશન**માં **કુ. વિનિતા પાંડે**, **કુ. વસુધા બાણુગરીયા** F. Y. B.Sc. તથા **કુ. મૌસમી ખાંટ** S. Y. B.Sc. એ ભાગ લીધો હતો.

## <u>કલા વિભાગ</u>

- **હસ્ત કલા હોબી** માં S. Y. B.Sc.(H.Sc.) ની **કુ. વિશ્વા આર્ય ઉત્તર ઝોન માં તૃતિય** તથા **ઈન્ટર ઝોન માં પણ તૃતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **રંગોળી સ્પર્ધા**માં T. Y.G.H.Sc. ની **કુ. ભારતી મોદી એ ઉત્તર ઝોનમાં દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **સર્જનાત્મક કારીગરી** માં **કુ. રીંકુ મૂળીયા** F. Y. B.Sc. (H.Sc.) એ ભાગ લીધો હતો.
- **ચિત્રકળા**માં T. Y. G.H.Sc. ની **કુ. કૃતિકા રંગાણી એ ઉત્તર ઝોનમાં પ્રથમ તથા ઈન્ટર ઝોનમાં તૃતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **કાર્ટુનીંગ**માં S. Y. B.Sc. (H.Sc.) ની **કુ. વિશ્વા આર્ય ઉત્તર ઝોનમાં તૃતિય તથા ઈન્ટર ઝોનમાં પણ તૃતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **કલે મોડેલીંગ** માં S. Y. B.Sc. (H.Sc.) ની **કુ.કૈલાશ અજુડીયા** એ ભાગ લીધો હતો.
- **પોસ્ટર મેકીંગ** માં S. Y. B.Sc. (H.Sc.) ની **કુ.બીના ચૌહાણ** એ ભાગ લીધો હતો.

## <u>સાંસ્કૃતિક વિભાગ</u>

- **હળવુ કંઠય સંગીત** માં T. Y.Micro ની **કુ.નિરિક્ષા માલમ** એ ભાગ લીધો હતો.
- **શાસ્ત્રીય નૃત્ય**માં S. Y. B.Sc.(H.Sc.) ની **કુ. વિશ્વા આર્ય ઉત્તર ઝોનમાં દ્વિતિય તથા ઈન્ટર ઝોનમાં પ્રથમ સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **લોકગીત**માં F. Y. B.Sc. ની **કુ.ભારતી માંડાણી** એ ભાગ લીધો હતો.
- **ભજન**માં S. Y. B.Sc. ની **કુ.હરીતા ત્રિવેદી** એ ભાગ લીધો હતો.
- **મૂક અભિનય**માં કોલેજે **ઉત્તર ઝોનમાં તથા ઈન્ટર ઝોનમાં પણ પ્રથમ સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- જયારે **વેસ્ટર્ન ગૃપ સોંગ** માં કોલેજે **ઉત્તર ઝોનમાં પ્રથમ તથા ઈન્ટર ઝોનમાં દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.
- **સમુહનૃત્ય** માં પણ કોલેજે જાનદાર પ્રદર્શન કરી **ઉત્તર ઝોનમાં પ્રથમ સ્થાન** પ્રાપ્ત કર્યુ હતુ.

---

Team માં ( I ) નથી, પરંતુ જીત (Win) માં ( I ) હું છુ.**–** માઇકલ જોર્ડન (વિખ્યાત બાસ્કેટ બોલ ખેલાડી)

# National Conference on Environment & Climate

છેલ્લા ત્રણ વર્ષથી આપણી કોલેજની પરંપરામાં એક ઉમેરો થયો છે. સતત છેલ્લા ત્રણ વર્ષથી આપણી કોલેજ કોન્ફરન્સનું આયોજન કરી, વિદ્યાર્થિનીઓના વિકાસમાં હરણફાળો આપે છે. સાથોસાથ કોન્ફરન્સના વિષયની પસંદગી પણ એવી કે વર્તમાન સમયને સ્પર્શતી હોય. આ વર્ષે આપણી કોલેજે એન્વાયરમેન્ટ તથા કલાઈમેટ જેવા કરન્ટ વિષયની પસંદગી કરી.

આપણી કોલેજે **તા.૧૩/૦૨/૨૦૧૧ ના રોજ ઇન્ટરનેશનલ સોસાયટી ઓફ સાયન્સ એન્ડ ટેકનોલોજી (આઇએસએસટી) મુંબઇ**ના સહયોગથી એક **નેશનલ લેવલની કોન્ફરન્સ એન્વાઇરમેન્ટ એન્ડ કલાઇમેટ** નું આયોજન કરાયુ હતુ.

આ કોન્ફરન્સમાં પર્યાવરણમાં થતાં ફેરફારથી ચિંતિત અનેક મહાનુભવોએ અત્રે પધારેલ હતા. જેમાં **ઉચ્ચ કમિશ્નરશ્રીની કચેરીના જોઇન્ટ ડાયરેકટરશ્રી ડો. નરેશભાઇ કે. ફીટર, નોલેજ કોન્સોર્ટીયમ ઓફ ગુજરાત (કેસીજી) ના ડાયરેકટર ડો.વેદાંતભાઇ પંડયા** આ ઉપરાંત **આઇએસએસટીના ડો.પી.એમ.ડોગરા, ડો.એમ.એસ.મુલગાંવકર તથા સ્કુલ ઓફ લાઇફ સાયન્સ, અમદાવાદના ડો.વાય.ટી.જસરાઇ, ફીશરીઝના ડે.ડાયરેકટર ડો.એચ.બી.દવે** એ વાતાવરણ પર પોતાનું વ્યાખ્યાન આપ્યુ હતુ.

કોન્ફરન્સમાં કુલ લગભગ **૬૦૦ ડેલીકેટ્સે** ભાગ લીધો હતો તથા **૨૫૦ ઓરલ તથા પોસ્ટર્સ**ને રજુ કરવામાં આવ્યા હતા. જેમાંથી **શ્રેષ્ઠ ૩ પેપર્સ** તથા **વિદ્યાર્થીઓ અને ફેકલ્ટીઝ** દ્વારા રજુ થયેલ **શ્રેષ્ઠ ત્રણ–ત્રણ પોસ્ટર્સને એવોર્ડ**થી સન્માનિત કરવામાં આવ્યા હતા.

## વિદ્યાર્થિનીઓ દ્વારા થયેલ પોસ્ટર પ્રેઝન્ટેશન

જયારે ઘરઆંગણે સતત ત્રણ વર્ષથી કોન્ફરન્સનું આયોજન થતુ હોય તો વિદ્યાર્થિનીઓને વિવિધ કોન્ફરન્સમાં પોસ્ટર્સ કે પેપર કંઇ રીતે રજુ કરવા તેની સમજ આપોઆપ આવે છે. પરિણામે અન્ય કોલેજોમાં યોજાતી કોન્ફરન્સમાં તેઓ પોસ્ટર્સ કે પેપરની સુંદર અને સરળ રીતે રજુઆત કરી શકે છે.

- **તા.૨૯ અને ૩૦ જાન્યુઆરી ૨૦૧૧** ના રોજ **કેશોદ ની યુ.કે.વી. કોલેજ** ખાતે યોજાયેલ **નેશનલ કોન્ફરન્સ Women's Health Problems** માં T.Y.F.N. ની ૦૮ વિદ્યાર્થિનીઓએ **પોસ્ટર્સ** રજુ કર્યા હતા.
  - **યુવતીઓમાં હિમોગ્લોબીનની ખામીઓથી થતો એનીમિયા – કુ. તેજલ સોલંકી**
  - **સામાન્ય તથા ડાયાબીટિક સ્ત્રીઓમાં સગર્ભાવસ્થા દરમ્યાન ઉદ્ભવતી સમસ્યાઓનો તુલનાત્મક અભ્યાસ – કુ.માધુરી વરસાણી**
  - **સ્ત્રીઓમાં વ્યસન અને સ્વાસ્થ્ય પર અસર – કુ. સુરભી લીંબાસીયા**
  - **તરૂણીઓમાં જોવા મળતી અન્ડરવેઇટ તથા ઓવરવેઇટની સમસ્યા તથા તેના કારણો – કુ.ભાગ્યશ્રી પરમાર**
  - **સગર્ભાવસ્થા દરમ્યાન હાઇપરટેન્શન – કુ. કલ્યાણી સોલંકી**

---

- સગર્ભાવસ્થા દરમ્યાન ડાયાબીટીસ – કુ. કોમલ સોલંકી
- સ્ત્રીઓમાં જોવા મળતી મેનોપોઝની સમસ્યાઓ – કુ. એકતા વ્યાસ
- સ્ત્રીઓમાં મેનોપોઝને લીધે થતી સમસ્યાઓ– કુ. મિતલ પારઘી એ પોતાના પોસ્ટર્સ રજુ કર્યા.
- વાતાવરણમાં થતાં ફેરફાર પ્રત્યે વિદ્યાર્થીઓને જાગૃત કરવાના હેતુ સાથે આપણી કોલેજ દ્વારા આયોજીત **એન્વાયમેન્ટ એન્ડ કલાઈમેટ** ની એક દિવસીય **કોન્ફરન્સ**માં T.Y. Micro. ની ૧૯ તથા T.Y. F.N. ની ૦૨ વિદ્યાર્થિનીઓએ પોતાના **પોસ્ટર્સ** રજુ કર્યા હતા.

**<u>Microbiology Department :</u>**

- **Bioplastics - કુ.ડોલી પરમાર,કુ.નિરાલી રૈયાણી,કુ.પુજા હીરપરા,કુ.ચાંદની જાપડીયા તથા કુ.જયા દેરવાડીયા**
- **Disposal of Biomedical Waste – કુ.જલ્પા મરોટ,કુ.પુજા નાયકપરા તથા કુ. ટ્વીન્કલ માકડીયા**
- **Acid Rain- કુ.બીના સીસોદીયા કુ. નિધિ કોટક તથા કુ. પ્રિયંકા કોટક**
- **Global Warming & its Solution – કુ.મોના ભીમાણી,કુ.તૃપ્તી સોલંકી, કુ.ઉન્નતિ યાદવ, કુ.શિલ્પા પરમાર તથા કુ.શ્રુતિ યાદવ**
- **Global Warming- કુ.કોમલ ભેરવાની,કુ.ઉપમા પટોળીયા તથા કુ.એકતા જાડેજા**

**<u>Food & Nutrition Department :</u>**

- **Incidence of Iron Deficiency Anemia in Adolescent Girls, Adult Females & Pregnant Women - કુ.તેજલ સોલંકી**
- **Water Borne Diseases – કુ.ભાગ્યશ્રી પરમાર તથા કુ.પુનમ જુડાસીયા**
- તા.૨૮/૦૨/૨૦૧૧ ના રોજ **શ્રી.એમ.એન.વીરાણી સાયન્સ કોલેજ,રાજકોટ** ખાતે **UGC** દ્વારા પ્રાયોજિત એક દિવસીય **નેશનલ સેમીનાર Recent Advances in Microbial Technology** નું આયોજન થયેલુ. જેમાં T.Y. Micro. ની ૧૧ વિદ્યાર્થિનીઓએ પોતાના **પોસ્ટર્સ** રજુ કર્યા હતા.
- **Global Warming and its Solution with Microbial Techniques – કુ.મોના ભીમાણી,કુ.તૃપ્તી સોલંકી તથા કુ.ઉન્નતિ યાદવ**
- **Bioplastics and its significance- કુ.ડોલી પરમાર તથા કુ.નિરાલી રૈયાણી**
- **Hazards of Biomedical Waste and its Control - કુ.જલ્પા મસોત, કુ.પુજા નાયકપરા તથા કુ. ટ્વીન્કલ માકડીયા**
- **Genetically Modified Food - કુ.પુજા હીરપરા તથા કુ. દિક્ષિતા વાજા**
- **Global Warming – કુ. મિતલ વાઘેલા**

આ ઉપરાંત T.Y. Micro. તથા S.Y. B.Sc. ની ૦૯ વિદ્યાર્થિનીઓએ આ સેમીનારમાં ભાગ લીધો હતો.

---

## વિદ્યાર્થિનીઓ દ્વારા અન્ય સંસ્થામાં કરેલ રજુઆત

આપણી વિદ્યાર્થિનીઓ ફક્ત યુવક મહોત્સવ પૂરતુ જ જોમ નથી બતાવતી. પરંતુ અન્ય સંસ્થાઓ દ્વારા આયોજીત સ્પર્ધાઓ તથા આમંત્રણને માન આપીને પોતાની કલાનું કે જ્ઞાનનું પ્રદર્શન અન્ય મહાનુભાવો સમક્ષ પણ કરે છે.

- **તા.૨૧ થી ૨૩ ઓકટોબર ૨૦૧૦** દરમ્યાન **Indian Association of Physics Teachers (IAPT) ના 25th Annual Convention & Symposium** માં કોલેજની **૨૬** વિદ્યાર્થિનીઓએ સાંસ્કૃતિક કાર્યક્રમ રજૂ કર્યો હતો. જેમાં **લોકનૃત્યો, શાસ્ત્રીય નૃત્ય તથા યોગ**ની પ્રસ્તૃતિ કરવામાં આવી હતી.
- **તા.૨૬/૧૧/૨૦૧૦** ના રોજ **દૂરદર્શન કેન્દ્ર, રાજકોટ દ્વારા નિર્મિત કવીઝ 'ચટ સવાલ – પટ જવાબ'** માં **કુ.તેજલ સોલંકી** T.Y.F.N. તથા **કુ.સુમન અજાણી** S.Y.B.Sc.(H.Sc.) એ ભાગ લીધો હતો. તથા **પ્રથમ વિજેતા** બન્યા હતા.
- **તા.૨૦/૦૨/૨૦૧૧** ના રોજ **રોટરી કલબ ઓફ રાજકોટ મીડટાઉન** દ્વારા યોજાયેલી **ટેલેન્ટ હન્ટ**માં કોલેજ દ્વારા **સમૂહ નૃત્ય–તેરા તાલી** રજુ કરી, **પ્રથમ ક્રમ** પ્રાપ્ત કર્યો હતો.

## સ્વર્ણિમ ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત થયેલ વિવિધ કાર્યક્રમો

ગુજરાત રાજયના સ્થાપનાના પચાસમા વર્ષની ઉજવણી એટલે સ્વર્ણિમ ગુજરાત વર્ષ. આ વર્ષ દરમ્યાન આપણી કોલેજે માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઈ મોદીના સ્વપ્ન સમાન અનેક કાર્યક્રમોનું આયોજન કોલેજ ખાતે કર્યુ. ઉપરાંત અન્ય સંસ્થા દ્વારા થયેલ આયોજનમાં પણ આપણી વિદ્યાર્થિનીઓએ ભાગ લઇ શ્રેષ્ઠ પ્રદર્શન કર્યુ.

### સ્વર્ણિમ ગુજરાત ઉજવણી ૧ મે ૨૦૧૦

**તા.૦૧/૦૫/૨૦૧૦** ના રોજ સવારે ૮.૦૦ વાગ્યાથી શરૂ કરીને સતત ૧૦.૦૦ વાગ્યા સુધી બે કલાક દરમિયાન **'સ્વર્ણિમ ગુજરાત'** કાર્યક્રમની ઉત્સાહ અને ઉમંગભેર ઉજવણી સંસ્થાના સેક્રેટરીશ્રી, ટ્રસ્ટીશ્રી, પ્રિન્સીપાલશ્રી, સર્વે અધ્યાપક ગણ,બિન શૈક્ષણિક કર્મચારીઓ, વિદ્યાર્થિનીઓ તથા તેમના વાલીઓ અને આમંત્રિતોની હાજરીમાં કરવામાં આવી હતી. આ કાર્યક્રમમાં N.C.C. અને N.S.S. ની વિદ્યાર્થિની બહેનોએ પોતાના ગણવેશમાં કોલેજ ગ્રાઉન્ડ પર **માર્ચ ડ્રીલની પરેડ** કરી હતી.ત્યારબાદ **માર્શલ આર્ટ**નો કાર્યક્રમ યોજવામાં આવ્યો હતો. જેમાં વિદ્યાર્થિની દ્વારા **કરાટે, કૂંગ ફૂ, જૂડો અને રેસલીંગ**ના દાવ રજૂ કરવામાં આવ્યા હતા. અંતમાં કોલેજ ઓડિટોરીયમમાં એક **રંગારંગ કાર્યક્રમ** પણ યોજવામાં આવ્યો હતો.

### સમયદાન–મહાદાન

**તા.૦૯/૦૭/૨૦૧૦** ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત **રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશન** માંથી આવેલ અધિકારીઓએ **સમયદાન–મહાદાન** અંગે વિદ્યાર્થિનીઓને સમજૂતી

આપી, જુદાજુદા પાંચ ક્ષેત્રોમાં એક વર્ષ દરમ્યાન ગુજરાત રાજયને ૧૦૦ કલાક આપી ગુજરાત સ્વર્ણિમ વર્ષની ઉજવણીમાં પોતાનો ફાળો આપવા આહ્વાન કર્યુ હતુ અને ગુજરાત પ્રત્યે પોતાનો પ્રેમ વ્યકત કરવાની તક નો લાભ ઉઠાવી પોતાનું યોગદાન આપવા નો સંકલ્પ કરાવ્યો હતો. જેમાં વિદ્યાર્થિનીઓએ પોતાના નામની નોંધણી કરાવી હતી.

## સંકલ્પદિન

**તા.૦૪/૦૮/૨૦૧૦** ના રોજ **સંકલ્પ દિનની** ઉજવણીના સંદર્ભે **સૌરાષ્ટ્ર યુનિવર્સિટીના સાયન્સ વિભાગના ડીન ડો.ગિરીશભાઇ ભીમાણી તથા હોમ સાયન્સ વિભાગના ડીન ડો.નીલાંબરીબેન દવે**ની હાજરીમાં વિદ્યાર્થિનીઓએ વિવિધ **૧૧ સંકલ્પો** લઇ, સમાજનું ૠણ ચૂકવવાનો સંકલ્પ કર્યો હતો. આ સમગ્ર કાર્યક્રમમાં કોલેજની મોટી સંખ્યામાં વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.

## મારૂ ગમતુ પુસ્તક

**તા.૦૬/૦૮/૨૦૧૦** ના રોજ સ્વર્ણિમ ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન અંતર્ગત **'મારૂ ગમતુ પુસ્તક'** પર **પી.ડી.એમ.કોર્મસ કોલેજના કોમ્પ્યુટર વિભાગના અધ્યાપક ડો.પ્રદિપભાઇ જોબનપુત્રાએ લેખક કનૈયાલાલ મુનશીનું કૃષ્ણાવતાર** પોતાનું પ્રિય પુસ્તક ગણાવી, વાંચનનુ જીવનમાં મહત્વ સમજાવ્યુ હતુ અને **મનુભાઇ પંચોલી રચિત સોક્રેટીસ પુસ્તક તરતુ** મૂકયુ હતુ.

## સાંસ્કૃતિક કાર્યક્રમ : યોગા ડાન્સ

સ્વર્ણિમ સ્વાતંત્ર્ય દિનની ઉજવણી અંતર્ગત **તા.૧ ઓગસ્ટ થી ૮ ઓગસ્ટ ૨૦૧૦** દરમ્યાન **કોલેજના ઓડિટોરીયમ** ખાતે **રાજકોટ જીલ્લાની વેસ્ટ ઝોનની વિવિધ શાળા અને કોલેજો** માટે **સાંસ્કૃતિક કાર્યક્રમ**નું આયોજન રોજ સાંજે ૮ થી ૧૦ વાગ્યા સુધી થયેલ હતુ. **તા.૦૭/૦૮/૨૦૧૦** ના રોજ આ કાર્યક્રમમાં આપણી કોલેજની S.Y.B.Sc. ની **કુ. દિક્ષિતા સરવૈયા એ વંદે..........માતૃરમ્ ગીત પર યોગા ડાન્સ** રજુ કરેલ હતો. અને તેની કૃતિ ને કોલેજની **અન્ય ૧૦ વિદ્યાર્થિનીઓએ** સાથ આપેલો.આ કૃતિને **તૃતિય નંબર** પ્રાપ્ત થતાં રાજકોટ જીલ્લા તરફથી તેણીને **રૂા.૫૦૦/–નો પુરસ્કાર** પ્રાપ્ત થયો હતો.

## પ્લાસ્ટીક ફ્રી કેમ્પસ તથા વૃક્ષારોપણ

**તા.૦૮/૦૮/૨૦૧૦** ના રોજ વરસતા વરસાદમાં રવિવારના દિવસે કોલેજની વિદ્યાર્થિનીઓએ મોટી સંખ્યામાં **પ્લાસ્ટીક ફ્રી કેમ્પસ અને વૃક્ષારોપણ** કાર્યક્રમમાં હાજરી આપી હતી. આ કાર્યક્રમ **રોટરી કલબના પ્રેસિડેન્ટ તથા શ્રીમતી મીનાબેન કુંડલીયા આર્ટસ અને કોમર્સ કોલેજના પ્રિન્સીપાલ ડો.બાનુબેન ધકાણ**ની હાજરીમાં સફળતાપૂર્વક સંપન્ન થયો. ડો.બાનુબેન દ્વારા સમાજમાં સ્ત્રીઓના ફાળા વિષે ખૂબ જ હળવી શૈલીમાં રજુઆત વિદ્યાર્થિનીઓને અપીલ કરી ગઇ. તેમની સાથે **રાજકોટ મ્યુનીસીપલ કોર્પોરેશનના સીટી એન્જીનીયર તથા રોટરી કલબના સભ્ય શ્રી. સંજીવભાઇ ગુપ્તા** પણ હાજર રહયા હતા.

---

## <u>ચેસ મહોત્સવ</u>

**તા.૨૪/૧૨/૨૦૧૦** ના રોજ સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આયોજીત **સ્વર્ણિમ ચેસ મહોત્સવ –૨૦૧૦** માં આપણી કોલેજની **૧૩** વિદ્યાર્થિનીઓએ **સરદાર પટેલ ક્રિકેટ સ્ટેડિયમ, અમદાવાદ** ખાતે ભાગ લીધો હતો.

## <u>ખેલ મહાકુંભ</u>

સ્વર્ણિમ ગુજરાત વર્ષની ઉજવણીના ભાગરૂપે ગુજરાત સરકાર દ્વારા આયોજીત સ્વર્ણિમ ખેલ મહાકુંભમાં આપણી કોલેજની વિદ્યાર્થિની **કુ. અંજલી હીરપરા** F.Y.B.Sc.(H.Sc.) એ **૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલ તથા ૫૦ મીટર બેક સ્ટોક સ્વીમીંગમાં રાજકોટ ડીસ્ટ્રીકટમાં પ્રથમ, સુરત ખાતે યોજાયેલ સેમી ફાઇનલમાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં દ્વિતિય** તથા **અમદાવાદ ખાતે યોજાયેલ ફાઇનલમાં ૧૦૦ મીટર ફ્રી સ્ટાઇલમાં તૃતીય સ્થાન મેળવી, બ્રોન્ઝ મેડલ પ્રાપ્ત** કરી, રાજકોટ શહેર તથા આપણી કોલેજનું ગૌરવ વધારેલ હતુ.

## <u>સોઇલ ટેસ્ટીંગ</u>

રાજય સરકારશ્રીના સ્વર્ણિમ ગુજરાત કાર્યક્રમ અંતર્ગત **રાજયના તમામ ખેડૂતોને સોઇલ હેલ્થ કાર્ડસ** પુરાં પાડવાના **ગોલ્ડન ગોલ** અન્વયે રાજયની વિજ્ઞાન કોલેજોને **જમીન ચકાસણી**ની કામગીરી સોંપવામાં આવેલ હતી. જેના અંતર્ગત આપણી કોલેજને કુલ **૧૯૯૨૭ નમુનાઓનું લક્ષ્યાંક** આપવામાં આવેલ હતુ. આ લક્ષ્યાંક આપણી કોલેજ દ્વારા **મે ૨૦૧૦ થી નવેમ્બર ૨૦૧૦** દરમ્યાનમાં કુલ **૨૨ વિદ્યાર્થિનીઓ દ્વારા** પૂર્ણ કરવામાં આવ્યુ.

## <u>ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીએ લીધેલ કોલેજની મુલાકાત</u>

**તા.૧૭/૦૯/૨૦૧૦** ના રોજ કોલેજ ખાતે કાર્યરત **સોઇલ ટેસ્ટની લેબોરેટરીની મુલાકાતે ગુજરાત રાજયના ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રી શ્રીમતી જયંતિ રવિજી** પધારેલ. કોલેજની તેમની આ મુલાકાત સોઇલ ટેસ્ટની લેબમાં કાર્યરત વિદ્યાર્થિનીઓ માટે પ્રેરણાદાયી રહી. આ ઉપરાંત કમિશ્નર મેડમે કોલેજના અધ્યાપકો સાથે પણ શિક્ષણ ક્ષેત્રે રહેલી પરિવર્તનની તક તથા તેમાં અધ્યાપકોના ફાળા વિશે ચર્ચા કરી હતી.

## <u>હથિયારોનું પ્રદર્શન</u>

રાજય સરકારશ્રીના સ્વર્ણિમ ગુજરાત ઉજવણી નિમિત્તે રાજકોટના **કાલાવડ રોડ** ખાતે **મવડી હેડ કવાર્ટર** ખાતે **હથિયારો**નું એક **પ્રદર્શન તા.૦૭/૦૩/૨૦૧૧** થી **તા.૧૧/૦૩/૨૦૧૧** દરમ્યાન રાખવામાં આવેલુ. આ પ્રદર્શન દરમ્યાન **અશ્વ શો,કેમલ શો તથા ડોગ શો** નું આયોજન પણકરાયેલ હતુ. આ ઉપરાંત **બોમ્બ ડિસ્પોઝલ અંગે, ઐતિહાસિક હથિયારો, રાજાશાહી અને અંગ્રેજોના સમયના હથિયારો તથા પોલીસ ટ્રેનીંગ** વિશેની માહિતી પણ વિદ્યાર્થિનીઓને આપવામાં આવી હતી. આપણી કોલેજની કુલ **૪૧** વિદ્યાર્થિનીઓએ ઉત્સાહપૂર્વક આ પ્રદર્શન નિહાળ્યુ હતુ.

---

## <u>વાંચે ગુજરાત અભિયાન</u>

- **તા.૩૦/૧૦/૨૦૧૦** ના રોજ સવારે કોલેજના પ્રાંગણમાં સવારે ૯.૦૦ કલાકે અધ્યાપકો અને વિદ્યાર્થિનીઓ પોતપોતાના **પ્રિય પુસ્તક સાથે વાંચન યાત્રા**માં જોડાયા.

  ૧૦.૦૦ વાગ્યે એક પરિસંવાદમાં વિદ્યાર્થિનીઓએ પોતે વાંચેલ પુસ્તકના અવતરણોનું આચમન કરાવ્યુ. જેમાં **કુ.તેજલ સોલંકી** T.Y.F.N. એ પોતે વાંચેલા પુસ્તક **'લઘુ ચિંતનો'** તથા **કુ. મિતલ પારઘી** T.Y. F.N. એ સંજય વૈદ્ય અને અમિષા શાહ સંપાદિત પુસ્તક **'થેંકયુ પપ્પા'** વિશે પોતાના વિચારો જણાવ્યા હતા.

- **તા.૦૬/૦૧/૨૦૧૧** ના રોજ કોલેજ ખાતે યોજાયેલ **વાંચે ગુજરાત** અંતર્ગત **શ્રેષ્ઠ વાંચક**ની પસંદગીનો કાર્યક્રમ યોજાય ગયો. જેમાં **૧૧** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **કુ. નિધિ માલવાણિયા** F.Y.B.Sc. શ્રેષ્ઠ વાંચક તરીકે જાહેર કરાયા હતા.

## <u>સપ્તધારા અંતર્ગત થયેલ વિવિધ પ્રવૃતિઓ</u>

આપણા માનનીય મુખ્યમંત્રીશ્રી નરેન્દ્રભાઇ મોદીએ વિદ્યાર્થિનીઓને આપેલ ઉત્કૃષ્ટ ભેટ એટલે સપ્તધારા. આપણી કોલેજની સપ્તધારાએ આ વર્ષ દરમ્યાન વિદ્યાર્થિનીઓના ઉત્કૃષ્ટતા માટે અલગ અલગ ધારાના નેજા હેઠળ અનેકવિધ પ્રવૃતિઓ કરી.

### <u>જ્ઞાનધારા</u>

- આ ધારા અંતર્ગત **તા.૧૦/૦૭/૨૦૧૦** ના રોજ **ઇન્ટર કલાસ કવીઝ કોમ્પીટીશન** નું આયોજન કરવામાં આવ્યુ હતુ. જેમાં કુલ **૩૫** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. **ફાઇનલ કોમ્પીટીશનમાં કુલ ચાર ટીમ** પહોંચી હતી.કવીઝમાં **અલગ અલગ કુલ ચાર રાઉન્ડ** રાખવામાં આવ્યા હતા. ચારેય રાઉન્ડને અંતે **કુ.સોનલ ઉપાધ્યાય** તથા **કુ. વસુધા બાણુગરીયા** F. Y. B.Sc.ની ટીમ વિજેતા બની હતી.
- **તા.૧૩/૦૭/૨૦૧૦** ના રોજ **કલ્સ્ટર લેવલની કવીઝનું કોલેજના ઓડિટોરીયમ** ખાતે આયોજન કરાયેલ હતુ. જેમાં રાજકોટની **કોટક સાયન્સ કોલેજ, ક્રાઇસ્ટ કોલેજ, વીરાણી સાયન્સ કોલેજ,આત્મીય કોલેજ તથા યજમાન કોલેજ એટલે કે આપણી એમ.વી.એમ. સાયન્સ તથા હોમ સાયન્સ કોલેજે** ભાગ લીધો હતો. આ **કવીઝનું સફળ સંચાલન પી. ડી. એમ. કોમર્સ કોલેજના અધ્યાપક ડો. પ્રદિપભાઇ જોબનપુત્રા**એ કર્યુ હતુ. જેમાં **વીરાણી સાયન્સ કોલેજ વિજેતા જાહેર** થઇ હતી.
- સ્વર્ણિમ ગુજરાત ઉત્કૃષ્ટતા અભિયાન–જ્ઞાનધારા અંતર્ગત કોલેજ લેવલ પર એક **લેખિત કવીઝ સ્પર્ધા**નું આયોજન **તા. ૧૮/૦૧/૨૦૧૧** ના રોજ કોલેજ ખાતે કરવામાં આવ્યુ હતુ. જેમાં **૧૨૬** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી **કુ. સુરભી લીંબાસીયા** T.Y.F.N તથા **કુ. સુમન અજાણી** S.Y.B.Sc.(H.Sc.) ઝોનલ લેવલની સ્પર્ધા માટે પસંદગી પામ્યા હતા.

## ગીત–સંગીત નૃત્ય ધારા

- આ ધારા અંતર્ગત કોલેજની કુલ **૧૦** વિદ્યાર્થિનીઓને **સમૂહગીત, લોકગીત,સમૂહ નૃત્ય તથા શાસ્ત્રીય નૃત્યની માહિતી તથા તાલીમ** આપવામાં આવી હતી. જેથી તેઓ યુવક મહોત્સવમાં સફળતાપૂર્વક ભાગ લઈ શકે.

- **તા. ૨૮ અને ૨૯ ડીસેમ્બર ૨૦૧૦** ના રોજ આપણી કોલેજ ખાતે યોજાયેલ **ડીસ્ટ્રીકટ લેવલે સમૂહ નૃત્ય–તેરા તાલી માં આપણી કોલેજે પ્રથમ ક્રમાંક** મેળવ્યા બાદ **તા.૧૯/૦૧/૨૦૧૧** ના રોજ **ડુમિયાણી** મુકામે **ઝોનલ કક્ષાએ** પણ **પ્રથમ ક્રમાંક** પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ **રાજયકક્ષાએ તા.૨૪ અને ૨૫ જાન્યુઆરી ૨૦૧૧** ના રોજ **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત** ખાતે હળવું કંઠય સંગીત, સમૂહ નૃત્ય ની શ્રેષ્ઠ રજુઆત કરી હતી અને ફરીથી **સમૂહ નૃત્ય** માં **પ્રથમ સ્થાન** પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ હતુ.
  આ સ્પર્ધામાં ભાગ લેનાર વિદ્યાર્થિનીઓ F.Y.B.Sc(H.Sc.) ની**.કુ.મીરા પરમાર,કુ.વર્ષાબા જાડેજા, કુ.ખમ્માબા જાડેજા,કુ.બીનાબા જાડેજા, કુ.સકીના વણાંક,** S.Y.B.Sc.(H.Sc.) ની **કુ.ઈન્શીયા સુવાણ, કુ.સુમન અજાણી,** T.Y.Micro. ની **કુ.પૂજા નાયકપરા, કુ. ટવીન્કલમાકડીયા, કુ.ભૂમિ પનારા, કુ. નિરિક્ષા માલમ, તથા** T.Y.F.N. ની **કુ.મિતલ પારઘી** એ સમુહ નૃત્ય તેરા તાલીમાં પોતાના કૌશલ્યને દાખવ્યુ હતુ. જયારે હળવુ કંઠય સંગીતમાં **કુ. નિરિક્ષા માલમ** T.Y.Micro.એ પોતાની કલાની રજુઆત કરી હતી.

## નાટયધારા

- નાટયધારા અંતર્ગત કોલેજની વિદ્યાર્થિની બહેનો ને તાલીમ આપવા માટે એક **દસ દિવસીય વર્કશોપ**નું આયોજન કરાયેલ હતુ.જેમાં **૧૧** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો.આ વર્કશોપમાં **ચં. ચી. મહેતા લિખિત ભવાઈ આધારીત નાટક** ***હો 'હોલીકા'*** નો આધાર લઇને ડો. **સી. એમ. ઠાકર તથા** ડો. **ભાવનાબેન વૈદે વિદ્યાર્થિનીઓને નાટકમાં હાવભાવ, બોલવા ચાલવાની કળા તથા સંવાદ બોલવાની કળા, તેમજ શરીરનું હલનચલન** વગેરે વિષે માહિતગાર કરી હતી. વર્કશોપને અંતે **પર્યાવરણ બચાવો વિષય ઉપર એક લાઇવ મ્યુઝિકલ માઇમ** તૈયાર કરવામાં આવેલ હતુ.

- **તા. ૨૮ અને ૨૯ ડીસેમ્બર ૨૦૧૦** ના રોજ આપણી કોલેજ ખાતે યોજાયેલ **ડીસ્ટ્રીકટ લેવલે** ***માઈમ–પર્યાવરણ બચાવો*** **માં આપણી કોલેજે પ્રથમ ક્રમાંક** મેળવ્યા બાદ **તા.૧૯/૦૧/૨૦૧૧** ના રોજ **ડુમિયાણી** મુકામે **ઝોનલ કક્ષાએ** પણ **પ્રથમ ક્રમાંક** પ્રાપ્ત કર્યો હતો. ત્યારબાદ **રાજયકક્ષાએ તા.૨૪ અને ૨૫ જાન્યુઆરી ૨૦૧૧** ના રોજ **વીર નર્મદ દક્ષિણ ગુજરાત યુનિવર્સિટી, સુરત** ખાતે **માઇમ** ની શ્રેષ્ઠ રજુઆત કરી હતી અને ફરીથી **માઇમ** માં **પ્રથમ સ્થાન** પ્રાપ્ત કરી કોલેજનું ગૌરવ વધારેલ હતુ. **માઇમ**માં ***કુ.ગોરલ બોડા, કુ. અસ્મિતા ઝીઝાળા, કુ. હર્ષા જાગાણી*** F.Y.B.Sc., ***કુ. પૂજા નાયકપરા , કુ. ટવીન્કલ માકડીયા*** T.Y.Micro. , ***કુ. મૌસમી ખાંટ*** S.Y.B.Sc. *, એ માઇમમાં પોતાનું ઉત્કૃષ્ટ પ્રદર્શન કરી, આ ક્રમાંક પ્રાપ્ત કર્યો હતો.* ઉપરાંત આ માઇમની રજુઆત યુવક મહોત્સવમાં પણ કરવામાં આવી હતી.

---

## <u>વ્યાયામ–યોગ ખેલકૂદ ધારા</u>

- **તા.૨૯/૦૭/૨૦૧૦** ના રોજ **સૌરાષ્ટ્ર યુનિવર્સિટી દ્વારા આયોજીત** તથા **એમ.એન.વિરાણી સાયન્સ કોલેજ દ્વારા સંચાલિત ઈન્ટર કોલેજ તરણ સ્પર્ધા** માં F.Y.B.Sc.(H.Sc.) ની **કુ. અંજલી હીરપરા** એ ભાગ લઈ, **૫૦ મીટર ફ્રી સ્ટાઈલ તથા ૧૦૦ મીટર ફ્રી સ્ટાઈલ માં દ્વિતિય સ્થાન** પ્રાપ્ત કરેલ હતુ.

## <u>સર્જનાત્મક અભિવ્યકિત ધારા</u>

- **તા.૨૫/૦૯/૨૦૧૦** ના રોજ યોજાયેલ **નિબંધ સ્પર્ધા**માં વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પરિપત્રમાં દર્શાવેલ વિષયોને અનુરૂપ કુલ **૧૦ વિષયો** આપવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં કુલ **૧૫** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **કુ. ધર્મિષ્ઠા કવા** S. Y. B.Sc**. પ્રથમ, કુ. મૌસમી ખાંટ** S. Y. B.Sc. **દ્વિતિય, તથા કુ. દિક્ષિતા વાજા** T. Y. Micro. **તૃતીય** જાહેર કરાયા હતા.
- **તા.૦૧/૧૦/૨૦૧૦** ના રોજ કોલેજ ખાતે **વકતૃત્વ સ્પર્ધા**નું આયોજન કરાયેલ હતુ. જેમાં વિદ્યાર્થિનીઓને ઉચ્ચ શિક્ષણ કમિશ્નરશ્રીની કચેરીના પરિપત્રમાં દર્શાવેલ વિષયોને અનુરૂપ કુલ **૧૦ વિષયો** આપવામાં આવ્યા હતા.આ સ્પર્ધામાં કુલ **૧૭** વિદ્યાર્થિની બહેનોએ ઉત્સાહભેર ભાગ લીધો હતો. સ્પર્ધાના અંતે કુલ ત્રણ વિદ્યાર્થિનીઓને વિજેતા જાહેર કરાયેલ હતી. જેમાં **કુ. પૂજા નાયકપરા** T. Y. Micro. **પ્રથમ, કુ.સુરભી લીંબાસીયા** T. Y. F.N. **દ્વિતિય તથા કુ.નિધિ મારવાણીયા** F. Y. B.Sc**. તૃતીય** જાહેર કરાયા હતા.

## <u>સમુદાય સેવાધારા</u>

આ ધારા અંતર્ગત **તા.૨૫/૦૯/૨૦૧૦** ના રોજ કોલેજ ખાતે એક **એઈડઝ અવેરનેસ કાર્યક્રમ**નું આયોજન કરાયેલ હતુ. જેના અંતર્ગત યોજાયેલ **કવીઝમાં કુલ ૯૦ વિદ્યાર્થિની**ઓએ ભાગ લીધો હતો. આ કાર્યક્રમ **મહિલા સેવા વિકાસ મંડળ** તથા **કોલેજના સંયુકત ઉપક્રમે** યોજાયેલ હતો.

## <u>રંગ કલા કૌશલ્ય ધારા</u>

- **હસ્તકલા અને હોબી**ની સ્પર્ધામાં કુલ ૦૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **કુ. રીપલ પીઠવા** S.Y. B.Sc. (H.Sc.) **પ્રથમ, કુ.ટવીંકલ કાપડીયા** S. Y. B.Sc.(H.Sc.) **દ્વિતિય,** તથા **કુ. વિશ્વા આર્ય** S. Y. B.Sc. (H.Sc.) **તૃતીય વિજેતા** જાહેર થયા હતાં.
- **સર્જનાત્મક કારીગરીમાં** કુલ ૦૩ વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાં **કુ. રીંકુ મૂળીયા** F.Y. B.Sc.(H.Sc.) **પ્રથમ, કુ. ખમ્માબા જાડેજા** F.Y.B.Sc.(H.Sc.) **દ્વિતિય,** તથા **કુ. રીપલ ઢોલરીયા** F.Y.B.Sc.(H. Sc.) **તૃતીય વિજેતા** જાહેર થયા હતાં.
- **કલે મોડેલીંગ**માં **કુ. કૈલાસ અજુડીયા** S.Y.B.Sc. (H.Sc.) એ ભાગ લીધો હતો.

---

- આ ઉપરાંત **ચિત્ર સ્પર્ધા**માં કુલ **૦૩** વિદ્યાર્થિનીઓએ ભાગ લઈ પોતાની કલાનું પ્રદર્શન કર્યુ હતુ. જેઓમાં **કુ. કૃતિકા રંગાણી** T.Y.G.H.Sci.**પ્રથમ,કુ.પારસ માધવાણી** T.Y.G.H.Sci. **દ્વિતિય,** તથા **કુ. વિશ્વા આર્ય** S. Y. B.Sc.( H.Sc.) **તૃતીય** વિજેતા જાહેર થયા હતાં.
- **કાર્ટુનીંગ**માં કુલ **૦૨** વિદ્યાર્થિનીઓએ ભાગ લીધો હતો. જેમાંથી **કુ. વિશ્વા આર્ય** S.Y.B.Sc. (H.Sc.) **પ્રથમ, કુ.પારસ માધવાણી** T. Y. G.H.Sc. **દ્વિતિય** વિજેતા જાહેર થયા હતા.
- **પોસ્ટર મેકીંગ**માં કુલ **૧૦** વિદ્યાર્થિનીઓએ ખૂબ જ ઉત્સાહભેર ભાગ લીધો હતો. તેમાંથી **કુ. બીના ચૌહાણ** S.Y.B.Sc.(H.Sc.) **પ્રથમ, કુ. કૃતિકા રંગાણી** T.Y.G.H.Sc. **દ્વિતિય,** તથા **કુ. કીર્તિદા ખૂંટ** T. Y. G.H.Sc. **તૃતીય** વિજેતા જાહેર થયા હતાં.
- **રંગોળી સ્પર્ધા**માં કોલેજની કુલ **૧૦** વિદ્યાર્થિની બહેનોએ ભાગ લઈ પોતાનામાં રહેલી કલાનું પ્રદર્શન કરેલ હતુ. હરિફાઈને અંતે કુલ **૦૩** વિદ્યાર્થિનીઓ વિજેતા જાહેર થયાં હતા જેમાં **કુ. ભારતી મોદી** T.Y.G.H.Sc. **પ્રથમ,કુ. કૃપાબા જાડેજા** S.Y.B.Sc.(H. Sc.) **દ્વિતિય, કુ. મોનાલી સખીયા** S.Y. B.Sc.(H.Sc.) **તૃતીય** વિજેતા જાહેર થયા હતાં.

શૈક્ષણિક વર્ષ ૨૦૧૦–૨૦૧૧ માં 'હોવા' (being) માંથી 'થવા' (becoming ) ની પ્રક્રિયાને આગળ વધારવામાં તથા વિદ્યાર્થિનીઓને ખીલવા, વિકસવા, આગળ વધવા અને સુખી બનવામાં ટ્રસ્ટીશ્રીઓના સાથ–સહકાર ઉપરાંત પ્રિન્સીપાલ ડો.કે.જે.ગણાત્રાની રાહબરી હેઠળ સમગ્ર સ્ટાફમિત્રોએ પોતાનો યથાયોગ્ય ફાળો આપ્યો હતો.